
Govt. of Gujarat

# બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯

# અને

# ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧




બાળ અધિકાર શાખા
મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ
(ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થા)

# અનુક્રમણિકા

કલમ


**પ્રકરણ – ૧ પ્રારંભિક ........ ૨–૪**

૧. ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ ........ ૨

૨. વ્યાખ્યાઓ ........ ૨

**પ્રકરણ – ૨ મફત અને ફરજિયાત શિક્ષણનો હક ........ ૫–૬**

૩. મફત અને ફરજિયાત શિક્ષણ અંગે બાળકનો હક ........ ૫

૪. પ્રવેશ ન અપાયેલ અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂરું ન કર્યું હોય તેવાં બાળકો માટે ખાસ જોગવાઈઓ ........ ૫

૫. બીજી શાળામાં બદલી મેળવવાનો હક ........ ૫

**પ્રકરણ – ૩ યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર અને માતા–પિતાની ફરજો ........ ૭–૧૦**

૬. શાળા સ્થાપવા માટે યોગ્ય સરકાર અને સ્થાનિક સત્તાતંત્રની ફરજો ........ ૭

૭. નાણાકીય અને બીજી જવાબદારીઓનું વિભાજન ........ ૭

૮. યોગ્ય સરકારની ફરજો ........ ૮

૯. સ્થાનિક સત્તાતંત્રની ફરજો ........ ૯

૧૦. માતા-પિતા અને વાલીઓની ફરજ ........ ૧૦

૧૧. યોગ્ય સરકારે પૂર્વ-શાળા શિક્ષણ પૂરું પાડવું ........ ૧૦

**પ્રકરણ – ૪ શાળા અને શિક્ષકોની જવાબદારીઓ ........ ૧૧–૧૭**

૧૨. મફત અને ફરજિયાત શિક્ષણ માટે શાળાની જવાબદારીનું પ્રમાણ ........ ૧૧

૧૩. પ્રવેશ માટે માથાદીઠ ફી અને તપાસ કાર્યપદ્ધતિ નહિ ........ ૧૨

૧૪. પ્રવેશ માટે ઉંમરની સાબિતી ........ ૧૨

૧૫. પ્રવેશની ના પાડવી નહીં ........ ૧૨

૧૬. રોકી રાખવા અને કાઢી મૂકવાની મનાઈ ........ ૧૨

૧૭. બાળકને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત ઉપર પ્રતિબંધ ............................. ૧૩

૧૮. માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઈ શાળા સ્થાપવી નહિ ............................. ૧૩

૧૯. શાળા માટેનાં ધોરણ અને માપદંડ ............................. ૧૪

૨૦. અનુસૂચિ સુધારવાની સત્તા ............................. ૧૪

૨૧. શાળા વ્યવસ્થા સમિતિ ............................. ૧૪

૨૨. શાળા વિકાસ યોજના ............................. ૧૫

૨૩. શિક્ષકોની નિમણૂંક માટેની લાયકાત અને નોકરીની શરતો ............................. ૧૫

૨૪. શિક્ષકોની ફરજો અને ફરિયાદોનું નિવારણ ............................. ૧૬

૨૫. વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર ............................. ૧૬

૨૬. શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવી ............................. ૧૭

૨૭. શિક્ષકોને બિન-શૈક્ષણિક હેતુ માટે મૂકવા ઉપર પ્રતિબંધ ............................. ૧૭

૨૮. શિક્ષકોના ખાનગી ટ્યુશન ઉપર પ્રતિબંધ ............................. ૧૭

**પ્રકરણ – ૫ અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવું ............................. ૧૮**

૨૯. અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ ............................. ૧૮

૩૦. પરીક્ષા અને પૂરું કર્યાનું પ્રમાણપત્ર ............................. ૧૮

**પ્રકરણ – ૬ બાળકોના હકનું રક્ષણ ............................. ૧૯–૨૦**

૩૧. બાળકના શિક્ષણના હક પર દેખરેખ-નિયંત્રણ ............................. ૧૯

૩૨. ફરિયાદ-નિવારણ ............................. ૧૯

૩૩. રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના ............................. ૨૦

૩૪. રાજ્ય સલાહકાર પરિષદની રચના ............................. ૨૦

**પ્રકરણ – ૭ પ્રકીર્ણ ............................. ૨૧–૨૩**

૩૫. માર્ગદર્શક સૂચનાઓ આપવાની સત્તા ............................. ૨૧

૩૬. ફોજદારી કાર્યવાહી (Prosecution) માટે પૂર્વ-મંજૂરી ............................. ૨૧

૩૭. શુભ આશયથી લીધેલાં પગલાં અંગે રક્ષણ ............................. ૨૧

૩૮. નિયમો બનાવવા માટે યોગ્ય સરકારની સત્તા ............................. ૨૧

**શાળા માટેનાં ધોરણ અને માપદંડ ............................. ૨૪–૨૫**

# ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧

કલમ


૧. ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ ........ ૨૭

૨. વ્યાખ્યા ........ ૨૭

૩. પ્રાથમિક શિક્ષણ માટેની યોજનાઓ ........ ૨૯

૪. યોજનામાં આવરી લીધેલા વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવા બાબત ........ ૩૦

૫. સહાયક અનુદાનો ........ ૩૦

૬. સ્થાનિક સત્તાધિકારીએ બાળકોની યાદી તૈયાર કરવા બાબત ........ ૩૦

૭. હાજરી સત્તાધિકારીઓ ........ ૩૧

૮. હાજરી સત્તાધિકારીએ માતા-પિતાને જાણ કરવા બાબત ........ ૩૧

૯. બાળકોને શાળામાં મોકલવાની માતા-પિતાની જવાબદારી ........ ૩૧

૧૦. ગેરહાજરી માટે વાજબી કારણ ........ ૩૧

૧૧. શારીરિક અથવા માનસિક ખોડવાળાં બાળકો માટેની ખાસ શાળાઓ ........ ૩૨

૧૨. કેટલાક કેસોમાં અંશ-કાલિન શિક્ષણ માટે ખાસ જોગવાઈ ........ ૩૨

૧૩. શાળામાં મોકલવા બાબતનો હુકમ ........ ૩૩

૧૪. જેને યોજના લાગુ પડતી હોય તે બાળકને નોકરીએ રાખવા બદલ શિક્ષા ........ ૩૪

૧૫. પ્રાથમિક શિક્ષણ મફત હોવા બાબત ........ ૩૪

૧૬. યોજના તૈયાર કરવામાં અથવા તેનો અમલ કરવામાં સ્થાનિક સત્તાધિકારીની ચૂક ........ ૩૪

૧૭. કલમ ૧૩નું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા ........ ૩૫

૧૮. ફરજિયાત શિક્ષણની યોજના પાછી ખેંચી લેવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તે મોકૂફ રાખવાની સત્તા ........ ૩૫

૧૯. કોર્ટ કલમો ૧૪ અને ૧૭ હેઠળના ગુનાનો ઈન્સાફ કરવા માટે યોગ્ય ગણાશે ........ ૩૬

૨૦. ગુનાઓ સાંભળવા બાબત ........................................................ ૩૬

૨૧. કેટલીક વ્યક્તિઓ રાજ્ય સેવકો ગણાશે ........................................................ ૩૬

૨૨. શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંના રક્ષણ બાબત ........................................................ ૩૭

૨૩. સત્તા સોંપવા બાબત ........................................................ ૩૭

૨૪. પ્રાથમિક શાળા પંચાયતની રચના, તેની સત્તા અને કાર્યરીતિ ........................................................ ૩૭

૨૫. મુખ્ય શિક્ષકનું પ્રમાણપત્ર કલમ ૧૭નું પાલન કરવામાં માતા-પિતાએ ચૂક કરી છે
તે બાબતનો નિર્ણાયક પુરાવો ગણાશે ........................................................ ૩૮

૨૬. અનિર્ણિત કાર્યવાહીનો બચાવ ........................................................ ૩૯

૨૭. નિયમો કરવાની સત્તા ........................................................ ૩૯

૨૮. રદ કરવા બાબત અને બચાવ ........................................................ ૩૯

૨૯. અન્ય કેટલાક અધિનિયમો ઉપરાંત આ અધિનિયમ રહેશે ........................................................ ૪૦

# બાળકોને
# મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯
# (૨૦૦૯નો ૩૫મો)

(૨૬-મી ઓગસ્ટ, ૨૦૦૯)

સંસદે પસાર કરેલા નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિશ્રીની બહાલી મળતા, તે સર્વ લોકોની જાણ સારુ, આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. [૧]

છ થી ચૌદ વર્ષની વયના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવા માટેનો અધિનિયમ

પ્રજાસત્તાક ભારતના સાઠમાં વર્ષમાં સંસદે ઘડેલ અધિનિયમ નીચે મુજબ છે

---

૧. ભારતનું રાજપત્ર- અસાધારણ ભાગઃ૨–ખંડઃ૧, કાયદા અને ન્યાયમંત્રાલય (વિધાન વિભાગ) નવી દિલ્હી દ્વારા ૨૭-મી ઓગસ્ટ, ૨૦૦૯ના રોજ પ્રસિદ્ધ થયેલ છે.

# પ્રકરણ-૧

# પ્રારંભિક

## ૧. ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ

(૧) આ અધિનિયમને બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ કહેવામાં આવશે.

(૨) તે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય સમગ્ર ભારતને લાગુ પડશે.

(૩) કેન્દ્ર સરકાર સરકારી રાજપત્રમાં જાહેરનામું બહાર પાડે તે તારીખથી તે અમલમાં આવશે.

## ૨. વ્યાખ્યાઓ

આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા જરૂરી હોય તે સિવાય—

(ક) "યોગ્ય સરકાર" એટલે—

(૧) કેન્દ્ર સરકારે સ્થાપેલી, તેની માલિકીની અથવા તેના નિયંત્રિત કરાતી શાળા બાબતમાં અથવા વિધાનમંડળ ન હોય તેવા સંઘ પ્રદેશના વહીવટકર્તા સંબંધમાં, કેન્દ્ર સરકાર;

(૨) નીચેના પ્રદેશમાં સ્થાપેલી પેટા-ખંડ(૧)માં જણાવેલી શાળા સિવાયની શાળા બાબતમાં—

(ક) રાજ્ય, રાજ્ય સરકાર

(ખ) વિધાન મંડળ ધરાવતા સંઘ પ્રદેશ, તે સંઘ પ્રદેશની સરકાર

(ખ) "માથાદીઠ ફી" એટલે કોઈ પણ પ્રકારનું દાન અથવા ફાળો અથવા શાળાએ અધિસૂચિત કરેલી ફી સિવાયની ચૂકવણી અથવા વિધાનમંડળ ન હોય તેવા સંઘ પ્રદેશના વહીવટકર્તા સંબંધમાં, કેન્દ્ર સરકાર;

(ગ) "બાળક" એટલે છ થી ચૌદ વર્ષનો છોકરો અથવા છોકરી;

(ઘ) "વંચિત જૂથનું બાળક" એટલે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અથવા યોગ્ય સરકાર જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરે તેવા સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ભૌગોલિક, ભાષાકીય, જાતિ અથવા આવાં બીજા પરિબળને કારણે વંચિત રહેલાં આવાં બીજા જૂથનાં બાળકો;

(ચ) "નબળા વર્ગનું બાળક" એટલે યોગ્ય સરકારે જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરેલી લઘુત્તમ મર્યાદા કરતાં જેમનાં માતા-પિતા અથવા વાલીની વાર્ષિક આવક ઓછી હોય, તેમનું બાળક;

(છ) "પ્રાથમિક શિક્ષણ" એટલે પહેલા ધોરણથી આઠમા ધોરણ સુધીનું શિક્ષણ;

(જ) બાળક સંબંધમાં "વાલી" એટલે તે બાળકની સંભાળ અને કબજો ધરાવતી વ્યક્તિ, તેમાં કુદરતી વાલી અથવા કોર્ટ અને કાયદાએ નીમેલ અથવા જાહેર કરેલી વ્યક્તિનો સમાવેશ થાય છે;

(ઝ) "સ્થાનિક સત્તાતંત્ર" એટલે મહાનગરપાલિકા અથવા નગર પરિષદ અથવા જીલ્લા પરિષદ અથવા નગર પંચાયત અથવા પંચાયત, ગમે તે નામે ઓળખાતું સત્તાતંત્ર, અને તેમાં શાળા પર વહીવટી નિયંત્રણ ધરાવતું બીજું સત્તાતંત્ર અથવા મંડળ અથવા કોઈપણ શહેર, નગર અથવા ગામમાં સ્થાનિક સત્તાતંત્ર તરીકે કામ કરવા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે અન્વયે સત્તા અપાયેલ સત્તાતંત્રનો સમાવેશ થાય છે.

(ટ) "બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ" એટલે બાળકોના હકના રક્ષણ માટેના આયોગ અધિનિયમ, ૨૦૦૫ (૨૦૦૬નો ચોથો)ની કલમ-૩ નીચે રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ;

(ઠ) "જાહેરનામું" એટલે સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામું;

(ડ) "માતા-પિતા" એટલે બાળકના કુદરતી અથવા ઓરમાન અથવા દત્તક લેનાર પિતા અથવા માતા;

(ઢ) "નિયત કરેલ" એટલે આ અધિનિયમ હેઠળ બનાવેલ નિયમોથી નિયત કરેલ;

(ત) "અનુસૂચિ" એટલે આ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિ;

(થ) "શાળા" એટલે પ્રાથમિક શિક્ષણ આપતી કોઈ પણ માન્ય શાળા, તેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(૧) યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે સ્થાપેલ, તેની માલિકીની અથવા તેમનાથી નિયંત્રિત થતી શાળા;

(૨) સહાયિત શાળા એટલે પોતાના સંપૂર્ણ અથવા અંશતઃ ખર્ચને પહોંચી વળવા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર પાસેથી સહાય અથવા ગ્રાન્ટ મેળવતી શાળા;

(૩) નિર્દિષ્ટ વર્ગની શાળા; અને

(૪) પોતાના ખર્ચને પહોંચી વળવા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર તરફથી કોઈ પણ પ્રકારની સહાય કે ગ્રાન્ટ ન મેળવતી બિન-સહાયિત શાળા;

(દ) "તપાસ કાર્યપદ્ધતિ" એટલે યદચ્છા પદ્ધતિ સિવાયની બીજી પદ્ધતિથી એક બાળક કરતા બીજાને પ્રવેશ માટે પસંદગી આપવાની પદ્ધતિ;

(ધ) શાળા સંબંધમાં "નિર્દિષ્ટ વર્ગ" એટલે કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય તરીકે ઓળખાતી અથવા યોગ્ય સરકાર જાહેરનામું પ્રસિદ્ધ કરી નિર્દિષ્ટ કરે તેવી બીજી કોઈ વિશિષ્ટ લક્ષણ ધરાવતી શાળા;

(ન) "બાળકોના હકના રક્ષણ માટેનો રાજ્ય આયોગ" એટલે બાળકોના હકના રક્ષણ માટેના આયોગ અધિનિયમ, ૨૦૦૫ (૨૦૦૬નો ચોથો)ની કલમ ૩ નીચે રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેનો રાજ્ય આયોગ.

## પ્રકરણ–૨
# મફત અને ફરજિયાત શિક્ષણનો હક

### ૩. મફત અને ફરજિયાત શિક્ષણ અંગે બાળકનો હક

(૧) છ થી ચૌદ વર્ષની ઉંમરના દરેક બાળકને તેની નજીકની શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક રહેશે.

(૨) પેટા-કલમ(૧)ના હેતુ સારુ કોઈ બાળકને તેનું પ્રાથમિક શિક્ષણ લેવા અને પૂરું કરવામાંથી અટકાવે તેવી કોઈ પણ પ્રકારની ફી અથવા ચાર્જ અથવા ખર્ચ ચૂકવવા તે જવાબદાર રહેશે નહિ.

પરંતુ અશક્તતા ધરાવતી વ્યક્તિઓ (સમાન તક, રક્ષણ અને સંપૂર્ણ સહયોગ અધિનિયમ, ૧૯૯૬ (૧૯૯૬નો પહેલો)ની કલમ ૨ના ખંડ(૧)માં વ્યાખ્યા કર્યા મુજબ અશક્તતાથી પીડાતા બાળકને ઉક્ત અધિનિયમના પ્રકરણ ૫ ની જોગવાઈઓ અનુસાર મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો હક રહેશે.

### ૪. પ્રવેશ ન અપાયેલ અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂરું ન કર્યું હોય તેવાં બાળકો માટે ખાસ જોગવાઈઓ

છ વર્ષથી વધુ ઉંમરના કોઈ બાળકને કોઈ શાળામાં પ્રવેશ ન અપાયો હોય અથવા પ્રવેશ અપાયા છતાં, તે તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરી શક્યો/શકી હોય તેને તેની ઉંમરને અનુરૂપ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે;

પરંતુ બાળકને તેની ઉંમર મુજબના વર્ગમાં પ્રત્યક્ષ પ્રવેશ અપાયો હોય ત્યાં તે બાળક બીજા સાથે સમાન રહી શકે તે માટે, નિયત કરવામાં આવે તેવી રીતે અને તેવી સમય-મર્યાદાની અંદર ખાસ તાલીમ મેળવવાનો હક રહેશે.

વધુમાં જોગવાઈ એવી છે કે, પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ અપાયેલ બાળક ચૌદ વર્ષ પછી પણ પ્રાથમિક શિક્ષણ પૂરું કરતાં સુધી મફત શિક્ષણ મેળવવાને પાત્ર રહેશે.

### ૫. બીજી શાળામાં બદલી મેળવવાનો હક

(૧) જ્યાં શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માટે જોગવાઈ ન હોય ત્યાં, આવા બાળકને, તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માટે કલમ ૨ ના ખંડ(થ)ના પેટા-ખંડ(૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલી શાળા સિવાયની બીજી કોઈપણ શાળામાં બદલી મેળવવાનો હક રહેશે.

(૨) જ્યાં બાળકને કોઈ ગમે તે કારણસર રાજ્યની અંદર કે રાજ્યની બહાર એક શાળામાંથી બીજીમાં ખસવાનું જરૂરી બને ત્યાં આવા બાળકને તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માટે કલમ ૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલી શાળા સિવાયની બીજી કોઈ શાળામાં બદલી મેળવવાનો હક રહેશે.

(૩) આવી બીજી શાળામાં પ્રવેશ મેળવવા ઈચ્છતું હોય, આવું બાળક જ્યાં તેને છેલ્લે પ્રવેશ મળ્યો હોય તેવી શાળાના મુખ્ય શિક્ષક અથવા શાળાના પ્રભારી (ઈનચાર્જ) તરત બદલી પ્રમાણપત્ર કાઢી આપશે.

પરંતુ બદલી પ્રમાણપત્ર રજૂ કરવામાં વિલંબને આવી બીજી શાળામાં પ્રવેશ આપવામાં વિલંબ કરવા કે તે નકારવા માટેનું કારણ નહિ રહે;

વધુમાં જોગવાઈ એવી છે કે, બદલી પ્રમાણપત્ર કાઢી આપવામાં વિલંબ કરનાર મુખ્ય શિક્ષક અથવા શાળાના પ્રભારી સામે તેમને લાગુ પડતા સેવા નિયમો અનુસાર શિસ્ત વિષયક પગલાં લઈ શકાશે.

## પ્રકરણ-3

# યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર અને માતા-પિતાની ફરજો

### ૬. શાળા સ્થાપવા માટે યોગ્ય સરકાર અને સ્થાનિક સત્તાતંત્રની ફરજો

આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા, આ અધિનિયમની શરૂઆતથી ત્રણ વર્ષની અંદર, આવી શાળા સ્થપાઈ ન હોય તેવા વિસ્તાર અથવા નજીકની મર્યાદાની અંદર યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાધિકારી શાળા સ્થાપશે.

### ૭. નાણાકીય અને બીજી જવાબદારીઓનું વિભાજન

(૧) આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે નાણાં પૂરાં પાડવાની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સહવર્તી જવાબદારી રહેશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે મૂડી અને આવર્તક ખર્ચના અંદાજ કેન્દ્ર સરકાર તૈયાર કરશે.

(૩) કેન્દ્ર સરકાર પેટા-કલમ(૨)માં જણાવેલ રાજ્ય સરકારો સાથે પરામર્શ કરી વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી ખર્ચની ટકાવારી મહેસૂલની સહાયક ગ્રાન્ટ તરીકે રાજ્ય સરકારોને પૂરી પાડશે.

(૪) કોઈ રાજ્ય સરકારને પૂરા પાડવાનાં વધારાનાં સંસાધનો માટેની જરૂરિયાત તપાસવા ભારતના સંવિધાનની કલમ ૨૮૦ના ખંડ(૩)ના પેટા-ખંડ(ઘ) અનુસાર નાણા આયોગને પૂછાવવા માટે કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિશ્રીને વિનંતી કરી શકશે, જેથી અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા ઉક્ત રાજ્ય સરકાર નાણાંના પોતાના હિસ્સાની જોગવાઈ કરી શકે.

(૫) પેટા-ખંડ(૪)માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, રાજ્ય સરકાર, પેટા-કલમ(૩) હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર સરકારે આપેલી રકમ અને તેનાં બીજા સંસાધનો ધ્યાનમાં લીધા બાદ આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે નાણાં પૂરા પાડવા રાજ્ય સરકાર જવાબદાર રહેશે.

(૬) કેન્દ્ર સરકાર—

(ક) કલમ ૨૯ હેઠળ નિર્દિષ્ટ કરેલ શૈક્ષણિક સત્તાતંત્રની મદદથી રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું વિકસાવશે.

(ખ) શિક્ષકોની તાલીમ માટેનાં ધોરણો વિકસાવશે અને તેનો અમલ કરશે;

(ગ) નવીનતા સંશોધન, આયોજન અને કાર્યક્ષમતા ઘડતરને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારને ટેકનિકલ સહાય અને સંશાધનો પૂરા પાડશે.

## ૮. યોગ્ય સરકારની ફરજો

યોગ્ય સરકાર—

(ક) દરેક બાળકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડશે;

પરંતુ બાળકને યથાપ્રસંગ તેના માતા-પિતા અથવા વાલીએ યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સારાં એવાં નાણાં પૂરાં પાડ્યાં હોય અથવા સ્થાપેલી, માલિકીની, નિયંત્રિત કરેલી શાળા સિવાયની શાળામાં પ્રવેશ અપાવ્યો હોય ત્યાં યથાપ્રસંગ, આવા બાળક અથવા માતા-પિતા અથવા વાલી આવી બીજી શાળામાં બાળકના પ્રાથમિક શિક્ષણ અંગે કરેલા ખર્ચની ભરપાઈ મેળવવા માટે દાવો કરી શકશે નહિ.

**સ્પષ્ટીકરણ**— "ફરજિયાત શિક્ષણ" શબ્દપ્રયોગ એટલે યોગ્ય સરકારની

(૧) છ વર્ષથી ચૌદ વર્ષ સુધીની ઉંમરના દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ મફત પૂરું પાડવાની જવાબદારી; અને

(૨) છ વર્ષથી ચૌદ વર્ષની ઉંમરના દરેક બાળકને પ્રાથમિક શિક્ષણમાં ફરજિયાત પ્રવેશ, તેની હાજરીની અને તે પૂરું કરવાની સુનિશ્ચિત કરવાની જવાબદારી;

(ખ) કલમ ૬માં નિર્દિષ્ટ કર્યા મુજબ નજીકની શાળાની ઉપલબ્ધતા નિશ્ચિત કરશે;

(ગ) નબળા વર્ગમાં અને વંચિત જૂથનાં બાળકો સામે કોઈપણ કારણસર પ્રાથમિક શિક્ષણ મેળવવા અને પૂરું કરવા ભેદભાવ ન રખાય અથવા તેને અટકાવાય નહિ તે નિશ્ચિત કરશે;

(ઘ) શાળાના મકાન સહિત આધાર માળખું, શૈક્ષણિક સ્ટાફ અને ભણવાની સામગ્રી પૂરાં પાડશે;

(ચ) કલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ખાસ તાલીમની સગવડ પૂરી પાડશે;

(છ) દરેક બાળક પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ, હાજરી અને તે પૂરું કરવા અંગે દેખરેખ નિયંત્રણ નિશ્ચિત કરશે;

(જ) અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણ અને માપદંડને અનુરૂપ પ્રાથમિક શિક્ષણની સારી ગુણવત્તા નિશ્ચિત કરશે;

(ઝ) પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષણના કાર્યક્રમ સમયસર નિયત કરશે; અને

(ટ) શિક્ષકો માટે તાલીમની સગવડ પૂરી પાડશે.

## ૯. સ્થાનિક સત્તાતંત્રની ફરજો

દરેક સ્થાનિક સત્તાતંત્ર–

(ક) દરેક બાળકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડશે;

પરંતુ બાળકને યથાપ્રસંગ તેનાં માતા-પિતા અથવા વાલીએ યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સારાં એવાં નાણાં પૂરાં પાડ્યાં હોય અથવા સ્થાપેલી માલિકીની કે નિયંત્રિત કરેલી શાળા સિવાયની શાળામાં પ્રવેશ અપાવ્યો હોય ત્યાં આવા બાળક અથવા માતા-પિતા અથવા વાલી બીજી શાળામાં બાળકના પ્રાથમિક શિક્ષણ અંગે કરેલા ખર્ચની ભરપાઈ મેળવવા માટે દાવો કરી શકશે નહિ.

(ખ) કલમ ૬માં નિર્દિષ્ટ કર્યા મુજબ નજીકની શાળાની ઉપલભ્યતા નિશ્ચિત કરશે;

(ગ) નબળા વર્ગનાં અને વંચિત જૂથમાં બાળકો સામે કોઈ પણ કારણસર પ્રાથમિક શિક્ષણ મેળવવા અને પૂરું કરવા ભેદભાવ ન રખાય અથવા તેમને અટકાવાય નહિ તે સુનિશ્ચિત કરશે.

(ઘ) પોતાના ક્ષેત્રાધિકારની અંદર રહેતા ચૌદ વર્ષ સુધીની ઉંમરના બાળકોનું રેકર્ડ નિયત કરવામાં આવે તેવી રીતે રાખશે;

(ચ) પોતાના ક્ષેત્રાધિકારની અંદર રહેતા દરેક બાળકના પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ, હાજરી અને તે પૂરું કરવા અંગે દેખરેખ-નિયંત્રણ નિશ્ચિત કરશે;

(છ) શાળાના મકાન સહિત આધાર માળખું, શૈક્ષણિક સ્ટાફ અને ભણવાની સામગ્રી પૂરાં પાડશે;

(જ) કલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ખાસ તાલીમ સગવડ પૂરી પાડશે;

(ઝ) અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણ અને માપદંડને અનુરૂપ પ્રાથમિક શિક્ષણની સારી ગુણવત્તા નિશ્ચિત કરશે;

(ટ) પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષણના કાર્યક્રમ સમયસર નિશ્ચિત કરશે;

(ઠ) શિક્ષકો માટે તાલીમની સગવડ પૂરી પાડશે;

(ડ) સ્થળાંતરિત કુટુંબોનાં બાળકોનો પ્રવેશ નિશ્ચિત કરી આપશે;

(ઢ) પોતાના ક્ષેત્રાધિકારની અંદરની શાળાઓની કામગીરી પર દેખરેખ-નિયંત્રણ રાખશે; અને

(ત) શૈક્ષણિક કેલેન્ડર નક્કી કરશે.

## ૧૦. માતા-પિતા અને વાલીઓની ફરજ

પોતાના બાળક અથવા પાલ્યને નજીકની શાળામાં પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ આપવા અથવા અપાવવાની ફરજ દરેક માતા-પિતા અથવા વાલીની રહેશે.

## ૧૧. યોગ્ય સરકારે પૂર્વ-શાળા શિક્ષણ પૂરું પાડવું

ત્રણ વર્ષથી ઉપરની વયના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે તૈયાર કરવા અને તે છ વર્ષની ઉંમર પૂરી કરે ત્યાં સુધી બધાં બાળકો માટે બાળપણની વહેલી સંભાળ અને શિક્ષણ પૂરું પાડવા, આવા બાળકો માટે મફત પૂર્વ-શાળા શિક્ષણ પૂરું પાડવા માટે યોગ્ય સરકાર જરૂરી વ્યવસ્થા કરશે.

## પ્રકરણ-૪

# શાળા અને શિક્ષકોની જવાબદારીઓ

### ૧૨. મફત અને ફરજિયાત શિક્ષણ માટે શાળાની જવાબદારીનું પ્રમાણ

(૧) આ અધિનિયમના હેતુસર, શાળા—

(ક) તેમાં દાખલ કરેલા બધા વિદ્યાર્થીઓને કલમ ૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૧)માં નિર્દિષ્ટ કરેલ મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડશે;

(ખ) તેમાં દાખલ કરેલાં બાળકોના અમુક પ્રમાણને ઓછામાં ઓછા પચીસ ટકાને અધીન રહીને તેના વાર્ષિક આવર્તક ખર્ચ માટે મળેલી તેની વાર્ષિક આવર્તક સહાય અથવા ગ્રાન્ટ તરીકે કલમ ૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૨)માં નિર્દિષ્ટ કરેલ મફત અને ફરજિયાત, પ્રાથમિક શિક્ષણ પૂરું પાડશે;

(ગ) નબળા વર્ગનાં અને વંચિત બાળકોને નજીકની શાળામાં તે વર્ગના બાળકોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા પચીસ ટકા બાળકોને કલમ-૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૩) અને (૪)માં નિર્દિષ્ટ કરેલ ધોરણ ૧માં દાખલ કરશે અને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું થતાં સુધી તે શિક્ષણ પૂરું પાડશે;

પરંતુ વધુમાં કલમ-૨ના ખંડ(થ)માં નિર્દિષ્ટ કરેલી શાળા પૂર્વ-શાળા શિક્ષણ પૂરું પાડતી હોય ત્યાં આવી પૂર્વ-શાળા શિક્ષણમાં પ્રવેશ માટે ખંડ(ક) થી (ગ)ની જોગવાઈઓ લાગુ પડશે.

(૨) પેટા-કલમ(૧)ના ખંડ(ગ)માં નિર્દિષ્ટ કર્યા મુજબ મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડતી કલમ ૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૪)માં નિર્દિષ્ટ કરેલી શાળા, રાજ્યે કરેલ બાળક દીઠ ખર્ચના પ્રમાણમાં અથવા બાળક પાસેથી ચાર્જ કરેલ ખરેખર રકમ એ બેમાંથી ઓછી હોય તેટલી રકમ નિયત કરવામાં આવે તે રીતે ભરપાઈ કરશે;

પરંતુ આવી ભરપાઈ કરવાની, રકમ કલમ ૨ ના ખંડ(થ)ના પેટા-ખંડ(૧)ના નિર્દિષ્ટ કરેલા બાળક દીઠ ખર્ચ કરતાં વધશે નહિ;

પરંતુ વધુમાં, કોઈ જમીન, મકાન, સાધનસામગ્રી અથવા બીજી સગવડો વિના મૂલ્યે અથવા રાહતના દરે મેળવી હોવાના કારણે બાળકોની નિર્દિષ્ટ સંખ્યાને મફત શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી આવી શાળા ધરાવતી હોય ત્યાં આવી શાળા આવી જવાબદારીના પ્રમાણમાં રકમ ભરપાઈ મેળવવા હકદાર રહેશે નહિ.

(૩) દરેક શાળા યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રને જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડશે.

## ૧૩. પ્રવેશ માટે માથાદીઠ ફી અને તપાસ કાર્યપદ્ધતિ નહિ

(૧) કોઈ શાળા અથવા વ્યક્તિ બાળકને દાખલ કરતી વખતે કોઈ માથાદીઠ ફી વસૂલ કરશે નહિ અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કાર્ય પદ્ધતિમાંથી પસાર થવાને અધીન કરશે નહિ.

(૨) કોઈ શાળા અથવા વ્યક્તિ પેટા-કલમ(૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને–

(ક) માથાદીઠ ફી મેળવે તો તેને દંડની સજા થઈ શકે, જે વસૂલ કરેલી માથાદીઠ ફીનાં ૧૦ ગુણોત્તર સુધી થઈ શકશે.

(ખ) બાળકને તપાસ કાર્યપદ્ધતિને અધીન કરે તેને પ્રથમ ઉલ્લંઘન બદલ રૂપિયા પચીસ હજાર અને દરેક પછીના ઉલ્લંઘન બદલ રૂપિયા પચાસ હજાર સુધીનો દંડ થઈ શકશે.

## ૧૪. પ્રવેશ માટે ઉંમરની સાબિતી

(૧) પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશના હેતુ માટે, બાળકની જન્મ, મરણ અને લગ્ન નોંધણી અધિનિયમ,૧૮૮૬(૧૮૮૬નો છઠ્ઠો)ની જોગવાઈઓ અનુસાર આપેલા જન્મ પ્રમાણપત્રના આધારે અથવા નિયત કરવામાં આવે તેવા બીજા કોઈ દસ્તાવેજના આધારે નક્કી કરવામાં આવશે.

(૨) ઉંમરની સાબિતીના અભાવે કોઈ બાળકને શાળામાં પ્રવેશનો ઇનકાર કરાશે નહિ.

## ૧૫. પ્રવેશની ના પાડવી નહિ

બાળકને શૈક્ષણિક વર્ષની શરૂઆત વખતે અથવા નિયત કરવામાં આવે તેટલા લંબાવેલા સમયની અંદર દાખલ કરવામાં આવશે.

પરંતુ લંબાવેલા સમય પછી આવો પ્રવેશ માંગવામાં આવે તો કોઈ બાળકને પ્રવેશ માટે ઈનકાર કરાશે નહિ.

વધુમાં જોગવાઈ એવી છે કે, કોઈ બાળકને લંબાવેલા સમય પછી પ્રવેશ આપવામાં આવે તેણે યોગ્ય સરકાર ઠરાવે તેવી રીતે તેનો અભ્યાસ પૂરો કરવાનો રહેશે.

## ૧૬. રોકી રાખવા અને કાઢી મૂકવાની મનાઈ

શાળામાં દાખલ કરેલ કોઈ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતાં સુધીમાં કોઈ પણ ધોરણમાં રોકી શકાશે (Hold Back) અથવા કાઢી મૂકી શકાશે નહિ.

## ૧૭. બાળકને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત ઉપર પ્રતિબંધ

(૧) કોઈપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત કરાશે નહિ.

(૨) પેટા-કલમ(૧)ની જોગવાઈનો જે કોઈ ભંગ કરશે તેવી વ્યક્તિ સામે આવી વ્યક્તિને લાગુ પડતા સેવા નિયમો હેઠળ શિસ્તવિષયક પગલાં લઈ શકાશે.

## ૧૮. માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઈ શાળા સ્થાપવી નહિ

(૧) યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે સ્થાપેલી, માલિકીની કે નિયંત્રિત કરેલી શાળા સિવાયની કોઈ શાળા આ અધિનિયમની શરૂઆત પછી, નિયત કરવામાં આવે તેવા સ્વરૂપે અને તે રીતે અરજી કરીને આવા સત્તાતંત્ર પાસેથી માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઈ પણ શાળા સ્થાપી શકાશે નહિ કે તેની કામગીરી કરી શકશે નહિ.

(૨) પેટા-કલમ(૧) હેઠળ નિયત કરેલ સત્તાતંત્ર નિયત કરવામાં આવે તેવા સ્વરૂપમાં, તેટલા સમયની અંદર, તેવી રીતે અને તેવી શરતોએ માન્યતા પ્રમાણપત્ર કાઢી આપશે.

પરંતુ કલમ ૧૯ હેઠળ નિર્દિષ્ટ કરેલાં ધોરણ અને માપદંડ શાળા પરિપૂર્ણ ન કરે ત્યાં સુધી આવી કોઈ માન્યતા અપાશે નહિ.

(૩) માન્યતાની શરતોનું ઉલ્લંઘન કરતાં, નિયત કરેલ સત્તાતંત્ર લેખિત હુકમ કરીને માન્યતા પાછી ખેંચી લેશે.

પરંતુ આવા હુકમમાં, આવી અમાન્ય શાળામાં ભણતા બાળકને નજીકની કઈ શાળામાં દાખલ કરવાનો છે તેની સૂચનાનો સમાવેશ કરવામાં આવશે;

પરંતુ વધુમાં, આવી શાળાને નિયત કરવામાં આવે તેવી રીતે સાંભળવાની તક આપ્યા સિવાય માન્યતા પાછી ખેંચી લેવાશે નહિ.

(૪) પેટા-કલમ(૩) હેઠળ માન્યતા પાછી ખેંચવાની તારીખથી કોઈ શાળા કામગીરી ચાલુ રાખશે નહિ.

(૫) કોઈ વ્યક્તિ માન્યતા પ્રમાણપત્ર મેળવ્યા સિવાય શાળા સ્થાપે અથવા ચલાવે અથવા માન્યતા પાછી ખેંચાયા પછી શાળા ચલાવવાનું ચાલુ રાખે, તેને રૂપિયા એક લાખ સુધીનો દંડ થઈ શકશે અને ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં જેટલાં દિવસ આ ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે રૂપિયા દસ હજાર સુધીનો દંડ થઈ શકશે.

## ૧૯. શાળા માટેનાં ધોરણ અને માપદંડ

(૧) અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલાં ધોરણ અને માપદંડ પરિપૂર્ણ ન કરે ત્યાં સુધી કોઈપણ શાળા કલમ ૧૮ હેઠળ સ્થપાશે કે માન્ય રખાશે નહિ.

(૨) આ અધિનિયમની શરૂઆત અગાઉ સ્થપાયેલી શાળા, આ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ધોરણો અને માપદંડ પરિપૂર્ણ ન કરતી હોય ત્યાં તે આવી શરૂઆતની તારીખથી ત્રણ વર્ષની અંદર આવાં ધોરણ અને માપદંડ પોતાના ખર્ચે પરિપૂર્ણ કરવાના પગલાં લેશે.

(૩) પેટા કલમ(૨) હેઠળ નિર્દિષ્ટ કરેલા સમયની અંદર શાળા નિયત ધોરણ અને માપદંડ પરિપૂર્ણ ન કરે ત્યાં કલમ ૧૮ની પેટા-કલમ(૧)માં નિયત કરેલ સત્તા તેની પેટા-કલમ(૩) હેઠળ નિર્દિષ્ટ કરેલી રીતે આવી શાળાને અપાયેલી માન્યતા પાછી ખેંચી લેશે.

(૪) પેટા-કલમ(૩) હેઠળ માન્યતા પાછી ખેંચાવાની તારીખથી, કોઈ શાળા કામગીરી ચાલુ રાખશે નહિ.

(૫) માન્યતા પાછી ખેંચી લીધા પછી કોઈ, વ્યક્તિ શાળા ચલાવવાનું ચાલુ રાખે તેને એક લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકશે અને આ ઉલ્લંઘન ચાલુ રાખવાની બાબતમાં આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે રૂપિયા દસ હજારનો દંડ થઈ શકશે.

## ૨૦. અનુસૂચિ સુધારવાની સત્તા

કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને અનુસૂચિમાં કોઈ ધોરણ અને માપદંડ ઉમેરીને અથવા તેમાંથી કમી કરીને અનુસૂચિ સુધારી શકશે.

## ૨૧. શાળા વ્યવસ્થા સમિતિ

(૧) કલમ ૨ના ખંડ(થ)ના પેટા-ખંડ(૪)માં નિર્દિષ્ટ કરેલી શાળા સિવાયની શાળા, સ્થાનિક સત્તાતંત્રનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને આવી શાળામાં દાખલ કરેલા બાળકોનાં માતા-પિતા અથવા વાલી અને શિક્ષકોની બનેલી શાળા વ્યવસ્થા સમિતિની રચના કરશે;

પરંતુ આવી સમિતિના ઓછામાં ઓછા ૩/૪ સભ્યો બાળકોનાં માતા-પિતા અથવા વાલી રહેશે;

પરંતુ વધુમાં, વંચિત જૂથ અને નબળા વિભાગના બાળકોનાં માતા-પિતા અથવા વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવામાં આવશે.

પરંતુ વધુમાં, આવી સમિતિના પચાસ ટકા સભ્યો સ્ત્રીઓ રહેશે.

(૨) શાળા વ્યવસ્થા સમિતિ નીચેના કાર્યો કરશે :

(ક) શાળાની કામગીરી પર દેખરેખ-નિયંત્રણ રાખશે.

(ખ) શાળા વિકાસ યોજના તૈયાર કરી તેની ભલામણ કરશે.

(ગ) યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા બીજા કોઈ સ્રોતમાંથી મળેલી ગ્રાન્ટના ઉપયોગ પર દેખરેખ-નિયંત્રણ રાખશે.

(ઘ) નિયત કરવામાં આવે તેવાં બીજા કાર્યો કરશે.

## ૨૨. શાળા વિકાસ યોજના

(૧) કલમ ૨૧ની પેટા-કલમ(૧) હેઠળ રચાયેલી પ્રત્યેક શાળા વ્યવસ્થા સમિતિ, નિયત કરવામાં આવે તેવી રીતે શાળા વિકાસ યોજના તૈયાર કરશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ આમ તૈયાર કરેલ શાળા વિકાસ યોજના યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે કરવાની યોજના અને ગ્રાન્ટ માટેનો આધાર રહેશે.

## ૨૩. શિક્ષકોની નિમણૂંક માટેની લાયકાત અને નોકરીની શરતો

(૧) કેન્દ્ર સરકારે જાહેરનામું બહાર પાડીને અધિકૃત કરેલ શૈક્ષણિક સત્તાધિકારીએ નિયત કર્યા મુજબની લઘુત્તમ લાયકાત ધરાવતી કોઈપણ વ્યક્તિ શિક્ષક તરીકે નીમી શકાશે.

(૨) રાજ્યમાં અભ્યાસક્રમ આપતી અથવા શિક્ષકોને શિક્ષણમાં તાલીમ આપતી પૂરતી સંસ્થાઓ ન હોય અને પેટા-કલમ(૧) હેઠળ નિયત કરેલી લઘુત્તમ લાયકાત ધરાવતા શિક્ષકો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન હોય ત્યાં, કેન્દ્ર સરકાર, તેને જરૂરી લાગે, તો જાહેરનામું બહાર પાડીને, વધુમાં વધુ પાંચ વર્ષનાં સમય માટે શિક્ષક તરીકે નિમણૂંક માટે લઘુત્તમ લાયકાતમાં તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી છૂટછાટ મૂકી શકશે.

પરંતુ આ અધિનિયમની શરૂઆત વખતે જે શિક્ષક પેટા-કલમ(૧) હેઠળ નિયત કરેલી લઘુત્તમ લાયકાત ન ધરાવતો હોય, તેણે પાંચ વર્ષની અંદર આવી લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરવાની રહેશે.

## ૨૪. શિક્ષકોની ફરજો અને ફરિયાદોનું નિવારણ

(૧) કલમ ૨૩ની પેટા-કલમ(૧) હેઠળ નિમાયેલ શિક્ષક નીચેની ફરજો બજાવશે.

(ક) શાળામાં હાજર રહેવામાં નિયમિત રહેશે અને સમયનું પાલન કરશે;

(ખ) કલમ ૨૯ની પેટા-કલમ(૨)ની જોગવાઈઓ અનુસાર અભ્યાસક્રમ ચલાવશે અને પૂરો કરશે.

(ગ) નિર્દિષ્ટ સમયની અંદર સંપૂર્ણ અભ્યાસક્રમ પૂરો કરશે.

(ઘ) દરેક બાળકની ભણવાની શક્તિનો ક્યાસ કાઢી તદનુસાર વધારાની શિક્ષણની જરૂરિયાત હોય તો તેમાં પૂરક બનશે;

(ચ) બાળકોના માતા-પિતા અને વાલીઓ સાથે નિયમિત બેઠકો યોજી બાળકની હાજરીની નિયમિતતા, ભણવાની શક્તિ, ભણવામાં સાધેલી પ્રગતિ અને બાળક અંગે બીજી કોઈ પ્રસ્તુત માહિતી જણાવશે; અને

(છ) નિયત કરવામાં આવે તેવી બીજી કોઈ ફરજો બજાવશે;

(૨) પેટા-કલમ(૧)માં નિર્દિષ્ટ કરેલી ફરજ શિક્ષક ન બજાવે તો તેને લાગુ પડતા સેવા નિયમો અનુસાર તેની સામે શિસ્ત વિષયક પગલાં લઈ શકાશે;

પરંતુ આવાં શિસ્ત વિષયક પગલાં લેતાં પહેલા આવા શિક્ષકને સાંભળવાની યોગ્ય તક આપવામાં આવશે;

(૩) શિક્ષકની કોઈ ફરિયાદ હોય, તો તેનું નિયત કરવામાં આવે તે રીતે નિવારણ કરવામાં આવશે.

## ૨૫. વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર

(૧) આ અધિનિયમ શરૂ થયાની તારીખથી છ મહિનાની અંદર, યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ વિદ્યાર્થી-શિક્ષકોનો ગુણોત્તર દરેક શાળામાં જળવાય છે તે નિશ્ચિત કરશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર જાળવવાનો હેતુ માટે શાળામાં મુકાયેલ શિક્ષકને બીજી કોઈ શાળા અથવા કચેરીમાં નોકરી કરવા દેવાશે નહિ અથવા કલમ ૨૭માં નિર્દિષ્ટ કરેલા હેતુ સિવાય બીજા કોઈ બિન-શૈક્ષણિક હેતુ માટે મુકાશે નહિ.

## ૨૬. શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવી

યોગ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપેલાં નાણાંથી સ્થપાયેલ માલિકીની, નિયંત્રિત થયેલી કે નાણાંની સારી એવી સહાય મેળવતી શાળા સંબંધમાં, નિમણૂંક અધિકારી તેના નિયંત્રણ હેઠળની શાળામાં શિક્ષકોની મંજૂર કરેલ કુલ સંખ્યાના ૧૦ ટકા કરતાં ખાલી જગ્યાએ ન રહે તે સુનિશ્ચિત કરશે.

## ૨૭. શિક્ષકોને બિન-શૈક્ષણિક હેતુ માટે મૂકવા ઉપર પ્રતિબંધ

દસ વર્ષીય વસ્તી ગણતરી, આપત્તિ રાહત ફરજ અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા રાજ્ય વિધાનસભા અથવા સંસદની ચૂંટણીને લગતી ફરજો સિવાય કોઈપણ શિક્ષકને કોઈ બિન-શૈક્ષણિક હેતુ માટે મૂકી શકાશે નહિ.

## ૨૮. શિક્ષકોના ખાનગી ટ્યુશન ઉપર પ્રતિબંધ

કોઈપણ શિક્ષક ખાનગી ટ્યુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિમાં કામ કરશે નહિ.

## પ્રકરણ–૫

# અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવું

### ૨૯. અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ

(૧) પ્રાથમિક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ, યોગ્ય સરકાર, જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરેલ શૈક્ષણિક સત્તાધિકારી નિયત કરશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિ નિયત કરતી વખતે શૈક્ષણિક સત્તાધિકારી નીચેની બાબતો ધ્યાનમાં લેશે :

(ક) સંવિધાનમાં દર્શાવેલ મૂલ્યો સાથે સુસંગતતા;

(ખ) બાળકનો સર્વાંગી વિકાસ;

(ગ) બાળકનાં જ્ઞાન, ક્ષમતા અને બુદ્ધિશક્તિનું નિર્માણ;

(ઘ) બાળકની શારીરિક અને માનસિક શક્તિનો સંપૂર્ણ વિકાસ;

(ચ) બાળકને સુસંગત અને બાળક-કેન્દ્રી પ્રવૃત્તિઓ, શોધ, સંશોધન મારફત ભણતર;

(છ) શિક્ષણનું માધ્યમ શક્ય હોય ત્યાં સુધી બાળકની માતૃભાષા રહેશે;

(જ) બાળકને ડર, માનસિક આઘાત અને ચિંતાથી મુક્ત બનાવવો અને બાળકને તેના વિચાર મુક્તપણે વ્યક્ત કરવામાં મદદ કરવી.

(ઝ) બાળકના જ્ઞાનની સમજ અને તેથી તે પ્રયોજવાની શક્તિનું સર્વગ્રાહી અને સતત મૂલ્યાંકન.

### ૩૦. પરીક્ષા અને પૂરું કર્યાનું પ્રમાણપત્ર

(૧) બાળકે પ્રાથમિક શિક્ષણ પૂરું થતા સુધીમાં બોર્ડની કોઈ પરીક્ષા પાસ કરવાની રહેશે નહિ.

(૨) પ્રાથમિક શિક્ષણ પૂરું કરનાર દરેક બાળકને નિયત કરવામાં આવે તેવા સ્વરૂપમાં અને તેવી રીતે પ્રમાણપત્ર આપવામાં આવશે.

# પ્રકરણ-૬
# બાળકોના હકનું રક્ષણ

## ૩૧. બાળકના શિક્ષણના હક પર દેખરેખ-નિયંત્રણ

(૧) બાળકોના હકના રક્ષણ માટેના અધિનિયમ,૨૦૦૫(૨૦૦૬નો ચોથો)ની કલમ ૩ હેઠળ રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ અથવા કલમ-૧૭ હેઠળ રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેના રાજ્ય આયોગ, આ અધિનિયમ હેઠળ તેમને સોંપાયેલ કાર્યો ઉપરાંત નીચેનાં કાર્યો પણ કરશે, અનુક્રમે -

(ક) આ અધિનિયમથી અથવા તેના નીચે પૂરા પાડવેલ હકની સલામતી તપાસવી અને તેની સમીક્ષા કરવી અને તેના અસરકારક અમલ માટે પગલાંની ભલામણ કરવી;

(ખ) બાળકના મફત અને ફરજિયાત શિક્ષણના હકને લગતી ફરિયાદો અંગે તપાસ કરવી; અને

(ગ) બાળકના હકના રક્ષણ માટેના આયોગ અધિનિયમની કલમ ૧૫ અને ૨૪ હેઠળ જોગવાઈ કર્યા મુજબ જરૂરી પગલાં લેવાં.

(૨) પેટા-કલમ(૧)ના ખંડ(ગ) હેઠળ બાળકના મફત અને ફરજિયાત શિક્ષણને લગતી કોઈપણ બાબતમાં તપાસ કરતી વખતે ઉક્ત આયોગોને બાળકના હકના રક્ષણ માટેના ઉક્ત આયોગોને લગતા અધિનિયમની અનુક્રમે કલમ ૧૪ અને ૨૪ હેઠળ તેમને સોંપેલી છે તે જ સત્તાઓ રહેશે.

(૩) જ્યાં રાજ્યમાં બાળકના હકના રક્ષણ માટે રાજ્ય આયોગ ન રચાયાં હોય ત્યાં, યોગ્ય સરકાર પેટા-કલમ(૧)ના ખંડ(ક)થી(ગ)માં નિર્દિષ્ટ કરેલાં કાર્યો કરવાના હેતુ માટે, નિયત કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને અને તેવી રીતે આવા સત્તાતંત્રની રચના કરશે.

## ૩૨. ફરિયાદ-નિવારણ

(૧) કલમ ૩૧માં ગમે તે દર્શાવ્યું હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ બાળકના હકને લગતી કોઈ ફરિયાદ હોય તેવી વ્યક્તિ તેના ક્ષેત્રાધિકાર ધરાવતા સ્થાનિક સત્તાતંત્રને લેખિત ફરિયાદ કરી શકશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળની ફરિયાદ મળ્યા પછી, સ્થાનિક સત્તાતંત્ર સંબંધિત પક્ષકારોને સાંભળવાની યોગ્ય તક આપ્યા પછી ત્રણ મહિનાની અંદર તે બાબત નક્કી કરશે.

(૩) સ્થાનિક સત્તાતંત્રના નિર્ણયથી નારાજ થયેલી વ્યક્તિ, બાળકના હકના રક્ષણ માટેના રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગ કલમ ૩૧ની પેટા-કલમ(૩) હેઠળ નિયત કરેલ સત્તાતંત્રને અપીલ કરી શકશે.

(૪) પેટા-કલમ(૩) હેઠળ કરેલી અપીલનો નિર્ણય, બાળકના હકના રક્ષણ માટેનો રાજ્ય આયોગ અથવા કલમ ૩ની પેટા-કલમ(૧)ના ખંડ(ગ) હેઠળ જોગવાઈ કર્યા મુજબ કલમ ૩૧ની પેટા-કલમ(૩) હેઠળ નિયત કરેલ સત્તાતંત્ર કરશે.

## ૩૩. રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના

(૧) કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને, પ્રાથમિક શિક્ષણ અને બાળ વિકાસના ક્ષેત્રમાં જ્ઞાન અને પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, કેન્દ્ર સરકારને જરૂરી લાગે તેવી વધુમાં વધુ પંદર સભ્યોની બનેલી રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના કરશે.

(૨) રાષ્ટ્રીય સલાહકાર પરિષદના કાર્યોમાં આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલ અંગે કેન્દ્ર સરકારને સલાહ આપશે.

(૩) રાષ્ટ્રીય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂંકની શરતો અને તેમને આપવાનાં ભથ્થાં નિયત કર્યા મુજબ રહેશે.

## ૩૪. રાજ્ય સલાહકાર પરિષદની રચના

(૧) રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડીને, પ્રાથમિક શિક્ષણ અને બાળવિકાસના ક્ષેત્રમાં જ્ઞાન અને પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, રાજ્ય સરકારને જરૂરી લાગે તેવી વધુમાં વધુ પંદર સભ્યોની બનેલી રાજ્ય સલાહકાર પરિષદની રચના કરશે.

(૨) રાજ્ય સલાહકાર પરિષદનાં કાર્યોમાં આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલ અંગે રાજ્ય સરકારને સલાહ આપશે.

(૩) રાજ્ય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂંકની શરતો અને તેમને આપવાના ભથ્થાં નિયત કર્યા મુજબ રહેશે.

# પ્રકરણ–૭
# પ્રકીર્ણ

## ૩૫. માર્ગદર્શક સૂચનાઓ આપવાની સત્તા

(૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે પોતાને યોગ્ય લાગે તેવી માર્ગદર્શક સૂચનાઓ યોગ્ય સરકારે અથવા સ્થાનિક સત્તાતંત્રને આપશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓના અમલ બાબતમાં, યોગ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવી માર્ગદર્શક સૂચનાઓ અને તેવા આદેશ સ્થાનિક સત્તાતંત્ર અથવા શાળા વ્યવસ્થા સમિતિને આપશે.

(૩) આ અધિનિયમની જોગવાઈઓના અમલ અંગે સ્થાનિક સત્તાતંત્ર શાળા વ્યવસ્થા સમિતિને પોતાને યોગ્ય લાગે તેવી માર્ગદર્શક સૂચનાઓ અને તેવા આદેશ આપશે.

## ૩૬. ફોજદારી કાર્યવાહી (Prosecution) માટે પૂર્વ-મંજૂરી

કલમ ૧૩ની પેટા-કલમ(૩), કલમ ૧૮ની પેટા-કલમ(૫) અને કલમ ૧૯ની પેટા-કલમ(૫) હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ માટે યોગ્ય સરકારે જાહેરનામું બહાર પાડી આ અંગે અધિકૃત કરેલ અધિકારીની પૂર્વ-મંજૂરી સિવાય કોઈ ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે નહિ.

## ૩૭. શુભ આશયથી લીધેલાં પગલાં અંગે રક્ષણ

આ અધિનિયમ અથવા તેની નીચે કરેલા કોઈ નિયમો અને હુકમ અનુસાર શુભ આશયથી કરેલા, અથવા કરવા ધારેલી કોઈ બાબત અંગે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, બાળકોના હકના રક્ષણ માટેના રાષ્ટ્રીય આયોગ, બાળકોના હકના રક્ષણ માટેના રાજ્ય આયોગ, સ્થાનિક સત્તાતંત્ર, શાળા વ્યવસ્થા સમિતિ અથવા કોઈ વ્યક્તિ સામે કોઈ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી કરાશે નહિ.

## ૩૮. નિયમો બનાવવા માટે યોગ્ય સરકારની સત્તા

(૧) યોગ્ય સરકાર, આ અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જાહેરનામું બહાર પાડીને નિયમો ઘડશે.

(૨) ખાસ કરીને ઉપરની સત્તાઓની સામાન્યતાને બાધક નીવડ્યા સિવાય, આવા નિયમો બધા માટે અથવા નીચેની કોઈ બાબત માટે જોગવાઈ કરશે :

(ક) કલમ ૪નો પહેલો પરંતુ(ક) હેઠળ ખાસ તાલીમ આપવાની રીત અને તેની સમય-મર્યાદા;

(ખ) કલમ ૬ હેઠળ નજીકની શાળા સ્થાપવા માટેનો વિસ્તાર અથવા મર્યાદા;

(ગ) કલમ ૯ના ખંડ(ઘ) હેઠળ ચૌદ વર્ષ સુધીનાં બાળકોનો રેકર્ડ જાળવવાની રીત;

(ઘ) કલમ ૧૨ની પેટા-કલમ(૨) હેઠળ ખર્ચ ભરપાઈ કરવાની રીત અને પ્રમાણ;

(ચ) કલમ ૧૪ની પેટા-કલમ(૧) હેઠળ બાળકની ઉંમર નક્કી કરવા માટેના બીજા કોઈ દસ્તાવેજ;

(છ) કલમ ૧૫ હેઠળ પ્રવેશ માટે લંબાવેલી મુદત અને લંબાવેલી મુદત પછી પ્રવેશ અપાયો હોય તો અભ્યાસ પુરો કરવાની રીત;

(જ) કલમ ૧૮ની પેટા-કલમ(૧) હેઠળ માન્યતા પ્રમાણપત્ર માટે અરજી કરવાની સત્તા, સ્વરૂપ અને રીત;

(ઝ) કલમ ૧૮ની પેટા-કલમ(૨) હેઠળ માન્યતા પ્રમાણપત્ર આપવા માટે સ્વરૂપ, સમય, રીત અને શરતો;

(ટ) કલમ ૧૮ની પેટા-કલમ(૩)ના ખંડ(૨) હેઠળ સાંભળવાની તક આપવાની રીત;

(ઠ) કલમ ૨૧ની પેટા-કલમ(૨)ના ખંડ(ઘ) હેઠળ શાળા વ્યવસ્થા સમિતિએ કરવાનાં બીજા કાર્યો;

(ડ) કલમ ૨૨ની પેટા-કલમ(૧) હેઠળ શાળા વિકાસ યોજના તૈયાર કરવાની રીત;

(ઢ) કલમ ૨૩ની પેટા-કલમ(૩) હેઠળ શિક્ષકોને ચૂકવવાપાત્ર વેતન અને ભથ્થાં તેમજ તેમની નોકરીની શરતો;

(ત) કલમ ૨૪ની પેટા-કલમ(૧)ના ખંડ(છ) હેઠળ શિક્ષકે બજાવવાની ફરજો;

(થ) કલમ ૨૪ની પેટા-કલમ(૩) હેઠળ શિક્ષકોની ફરિયાદોના નિવારણની રીત;

(દ) કલમ ૩૦ની પેટા-કલમ(૨) હેઠળ પ્રારંભિક શિક્ષણ પૂરું કરવાનું પ્રમાણપત્ર આપવાનું સ્વરૂપ અને રીત;

(ધ) કલમ ૩૧ની પેટા-કલમ(૩) હેઠળ બાળકોના હકના રક્ષણ માટેના રાષ્ટ્રીય આયોગની સત્તા, તે રચવાની રીત અને તે માટેની શરતો;

(ન) કલમ ૩૩ની પેટા-કલમ(૩) હેઠળ રાષ્ટ્રીય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂંક માટેની બીજી શરતો અને તેમને ચૂકવવાપાત્ર ભથ્થાં;

(પ) કલમ-૩૪ની પેટા કલમ(૩) હેઠળ રાજય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂંક માટેની બીજી શરતો અને તેમને ચૂકવવાપાત્ર ભથ્થાં.

(૩) આ અધિનિયમ હેઠળ બનાવેલ દરેક નિયમ અને કેન્દ્ર સરકારે કલમ ૨૦ અને ૨૩ હેઠળ બહાર પાડેલ દરેક જાહેરનામું તે બનાવ્યા પછી બને તેટલું જલદી સંસદના દરેક ગૃહ સમક્ષ તે ચાલુ હોય તે દરમિયાન કુલ ત્રીસ દિવસના સમય માટે સત્ર હોય ત્યારે મૂકવામાં આવશે, તે એક સત્ર અથવા બે અથવા વધારે સળંગ સત્રોનું બનેલું રહેશે અને સત્ર પછી તરતનું સત્ર પૂરું થયા પહેલાં, બંને ગૃહો નિયમ અથવા જાહેરનામામાં કોઈ ફેરફાર કરવા માટે સંમત થાય અથવા બંને ગૃહોએ નિયમ અથવા જાહેરનામું બનાવવું જોઈએ એમાં સંમત થાય, તો નિયમ અથવા જાહેરનામું આવા ફેરફાર કરેલ સ્વરૂપમાં તે અમલમાં આવશે અથવા યથાપ્રસંગ અમલમાં નહિ આવે તેમ છતાં, આવા કોઈ ફેરફાર કે રદ કરવાની બાબત, નિયમ અથવા જાહેરનામા હેઠળ અગાઉ કરેલી કોઈ પણ બાબતની કાયદેસરતાને બાધક નીવડશે નહિ.

(૪) આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકાર દરેક નિયમ અથવા જાહેરનામુ તે કર્યા પછી બને તેટલું વહેલું રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકશે.

# અનુસૂચિ

## (જુઓ કલમ ૧૯ અને ૨૫)

## શાળા માટેનાં ધોરણ અને માપદંડ

| ક્રમ.નં. | બાબત | ધોરણો અને માપદંડ | |
|---|---|---|---|
| ૧. | **શિક્ષકોની સંખ્યા** | | |
| | (ક) પ્રથમ ધોરણથી પાંચમા ધોરણ માટે | **દાખલ કરેલ બાળકો** | **શિક્ષકોની સંખ્યા** |
| | | સાઠ સુધી | બે |
| | | એકસઠથી નેવું વચ્ચે | ત્રણ |
| | | એકાણુંથી એકસોવીસ વચ્ચે | ચાર |
| | | એકસોવીસથી બસો વચ્ચે | પાંચ |
| | | એકસો પચાસ બાળકોથી વધારે | પાંચ વત્તા એક મુખ્ય શિક્ષક |
| | | બસો બાળકોથી વધારે | વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (મુખ્ય શિક્ષક સિવાય) ચાલીસથી વધશે નહિ. |
| | (ખ) છઠ્ઠા ધોરણથી આઠમા ધોરણ માટે | (૧) વર્ગ દીઠ ઓછામાં ઓછો એક શિક્ષક, જેથી નીચેના દરેક વિષય માટે ઓછામાં ઓછો એક શિક્ષક રહેશે –<br>(૧) વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર<br>(૨) સામાજિક અભ્યાસ<br>(૩) ભાષાઓ<br>(૨) પ્રત્યેક પાંત્રીસ બાળકો માટે ઓછામાં ઓછો એક શિક્ષક<br>(૩) બાળકોનો પ્રવેશ એકસોથી વધારે હોય ત્યાં<br>(૧) એક પૂર્ણકાલીન મુખ્ય શિક્ષક<br>(૨) નીચેના માટે અંશકાલીન પ્રશિક્ષક :<br>(ક) કલા શિક્ષણ<br>(ખ) આરોગ્ય અને શારીરિક શિક્ષણ<br>(ગ) કાર્ય શિક્ષણ | |

| ક્રમ.નં. | બાબત | ધોરણો અને માપદંડ |
|---|---|---|
| ૨. | મકાન | નીચેનાનું બનેલું બારમાસી મકાન<br>(૧) દરેક શિક્ષક માટે ઓછામાં ઓછો એક વર્ગખંડ અને કાર્યાલય સહ-સ્ટોર-સહ-મુખ્ય શિક્ષકનો ખંડ<br>(૨) અવરોધ મુક્ત પ્રવેશ<br>(૩) છોકરા અને છોકરીઓ માટે અલગ ટોઈલેટ<br>(૪) બધાં બાળકો માટે સલામત અને પીવાના પૂરતા પાણીની સગવડ<br>(૫) શાળામાં મધ્યાહન ભોજન યોજનાનું ભોજન રંધાતું હોય તે રસોડું<br>(૬) ક્રીડાંગણ<br>(૭) શાળાના મકાનના રક્ષણ માટે હદની દીવાલ અથવા વાડ માટેની વ્યવસ્થા |
| ૩. | શૈક્ષણિક વર્ષમાં કામકાજના ઓછામાં ઓછા દિવસ / શિક્ષણના કલાક | (૧) પ્રથમ ધોરણથી પાંચમા ધોરણ માટે કામકાજના બસો દિવસ<br>(૨) છઠ્ઠાથી આઠમા ધોરણ માટે કામકાજના બસો વીસ દિવસ<br>(૩) એકથી પાંચમા ધોરણ માટે શૈક્ષણિક વર્ષ દીઠ શિક્ષણના આઠસો કલાક<br>(૪) છઠ્ઠાથી આઠમા ધોરણ માટે શૈક્ષણિક વર્ષ દીઠ શિક્ષણના એક હજાર કલાક |
| ૪. | શિક્ષક માટે અઠવાડિયા દીઠ કામકાજના ઓછામાં ઓછા કલાક | તૈયારીના કલાક સહિત શીખવવાના પિસ્તાળીસ કલાક |
| ૫. | શીખવવાની–ભણવાની સાધનસામગ્રી | દરેક વર્ગને જરૂર મુજબ પૂરી પાડવામાં આવશે. |
| ૬. | ગ્રંથાલય | દરેક શાળામાં ગ્રંથાલય રહેશે. તેમાં સમાચાર પત્રો, મેગેઝિન, તમામ વિષયો પરનાં પુસ્તકો તેમજ વાર્તાની ચોપડીઓ રહેશે. |
| ૭. | રમતની સામગ્રી, રમત અને ખેલકૂદની સાધન સામગ્રી | દરેક વર્ગને જરૂર મુજબ પૂરી પાડવામાં આવશે. |

**(ટી.કે.વિશ્વનાથન)**
ભારત સરકારના સચિવ

# ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧

(૧૯૬૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૪૧)[૧]

(૨૪મી નવેમ્બર, ૧૯૬૧)

ગુજરાત રાજ્યમાં બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના બારમા વર્ષમાં અધિનિયમ કરવામાં આવે છે.

## ૧. ટૂંકું શીર્ષક, વ્યાપ અને પ્રારંભ

૧) આ અધિનિયમ 'ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧ કહેવાશે.

૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

## ૨. વ્યાખ્યાઓ

આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, -

(ક) 'શૈક્ષણિક વર્ષ' એટલે કોઇ સ્થાનિક સત્તાધિકારી પોતાની હકૂમતની અંદર, કોઈપણ ફરજિયાત શિક્ષણના ક્ષેત્રે અથવા સામાન્યતઃ સ્વીકૃત શાળાઓની બાબતમાં અથવા ખાસ કરીને કોઈપણ સ્વીકૃત શાળાની અથવા કોઈપણ વર્ગની સ્વીકૃત શાળાઓના વર્ગની બાબતમાં, નિર્દિષ્ટ કરે તેવી તારીખે શરૂ થતું વર્ષ ;

(ખ) 'સ્વીકૃત શાળા' એટલે સ્થાનિક સત્તાધિકારીની હકૂમતમાંના, કોઈપણ ફરજિયાત શિક્ષણ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ આપતી જે કોઈ શાળા—

૧) રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાધિકારીના સંચાલન હેઠળ હોય, અથવા

૨) અન્ય કોઈપણ સંચાલન હેઠળ હોઈને, સ્થાનિક સત્તાધિકારીએ, અથવા રાજ્ય સરકારે અથવા તેણે

---

૧. ઉદ્દેશો અને કારણો માટે જુઓ સન ૧૯૬૧નું ગુજરાત રાજપત્ર ભાગ-૫, પાનું ૬૧૪

આ અર્થે અધિકૃત કરેલા અધિકારીએ, આ અધિનિયમના હેતુઓ માટે સ્વીકૃત શાળા તરીકે માન્ય કરેલી હોય ;

તે શાળા;

(ગ) 'ફરજિયાત શિક્ષણ વિસ્તાર' એટલે જે કોઈ વિસ્તારમાં કલમ ૪ અથવા ૧૬ હેઠળ પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવાનું જાહેર કરવામાં આવ્યું હોય તે વિસ્તાર;

(ઘ) 'હાજરી સત્તાધિકારી' એટલે કલમ ૭ હેઠળ હાજરી સત્તાધિકારી તરીકે નિમાયેલી કોઈ વ્યક્તિ;

(ચ) 'સ્વીકૃત શાળામાં જવું' એટલે કોઈ શૈક્ષણિક વર્ષમાં અને સંબંધિત સ્થાનિક સત્તાધિકારી નક્કી કરે તેટલા દિવસો અને તેમાંના દરેક દિવસે અને તે નક્કી કરે તે સમયે અથવા સમયોએ સ્વીકૃત શાળામાં પ્રશિક્ષણ માટે હાજર રહેવું;

(છ) 'બાળક' એટલે કલમ ૪ અથવા ૧૬ હેઠળ કરાયેલી જાહેરાતમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે પ્રમાણેની જેની ઉંમર છ વર્ષથી ઓછી ન હોય અને ચૌદ વર્ષથી વધારે ન હોય તે છોકરો અથવા છોકરી;

(જ) 'નિયામક' એટલે રાજ્ય સરકારે શિક્ષણ નિયામક તરીકે નીમેલા અધિકારી અને આ અધિનિયમ હેઠળ નિયામકની તમામ અથવા કોઈપણ કાર્ય બજાવવા રાજ્ય સરકાર અધિકૃત કરે તેવા કોઈ અધિકારીનો તેમાં સમાવેશ થાય છે;

(ઝ) 'સ્થાનિક સત્તાધિકારી' એટલે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ રચાયેલા જિલ્લા શાળા બોર્ડ, મ્યુનિસિપલ કોર્પોરેશન, અધિકૃત નગરપાલિકા, કેન્ટોનમેન્ટ બોર્ડ અથવા સત્તાધિકારી અથવા રાજ્ય સરકારે નિર્દિષ્ટ કરેલા કોઈપણ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણનું નિયંત્રણ કરવા રાજ્ય સરકારે સત્તા આપેલી કોઈપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓનું મંડળ;

(ટ) કોઈપણ બાળકના સંબંધમાં 'માતા-પિતા'માં વાલીનો, અને બાળક જેની ખરેખરી કસ્ટડીમાં હોય તેવી દરેક વ્યક્તિનો સમાવેશ થાય છે;

(ઠ) 'ઠરાવેલું' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ડ) 'પ્રાથમિક શિક્ષણ' એટલે રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી વખતોવખત નક્કી કરે તેવા વિષયોનું અને સાતમા ધોરણથી ઉપરનું ન હોય તેવા ધોરણ સુધીનું શિક્ષણ;

(ઢ) 'ખાસ શાળા' એટલે રાજ્ય સરકારના અથવા સ્થાનિક સત્તાધિકારીના અભિપ્રાય પ્રમાણે કોઈ શારીરિક અથવા માનસિક ખોડથી પીડાતાં બાળકો માટે યોગ્ય હોય તેવું પ્રાથમિક શિક્ષણ આપતી હોય તેવી કોઈ સંસ્થા;

(ત) આ અધિનિયમમાં વાપરવામાં આવ્યા હોય પણ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, યથાપ્રસંગ, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો) અથવા સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો) તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

## ૩. પ્રાથમિક શિક્ષણ માટે યોજનાઓ

૧) સાધારણ રીતે, પોતાની હકૂમતની અંદર રહેતાં બાળકો માટે ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરવાની દરેક સ્થાનિક સત્તાધિકારીની ફરજ રહેશે અને આ હેતુ માટે તેણે પોતાની હકૂમતના સમગ્ર વિસ્તાર અથવા તેના કોઈ ભાગના સંબંધમાં અને સ્થાનિક સત્તાધિકારીને યોગ્ય લાગે તેટલી ઉંમરના બાળકો માટે અને તેટલા ધોરણ સુધી યોજનાના સ્વરૂપમાં દરખાસ્તો રાજ્ય સરકારને વખતોવખત સાદર કરવી જોઈશે.

૨) પેટા-કલમ(૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર કોઈપણ સમયે, સ્થાનિક સત્તાધિકારીએ એવો આદેશ કરી શકશે કે તેણે પોતાની હકૂમતમાંના કોઈપણ વિસ્તારમાં રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેટલી ઉંમરના અને તેમાં સાધારણ રીતે રહેતાં હોય તેવાં બાળકો માટે અને રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેટલા ધોરણ સુધી ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટેની યોજના નિર્દિષ્ટ સમયમાં તેને સાદર કરવી.

૩) દરેક યોજના, નિયામક નિર્દિષ્ટ કરે તેવા નમૂના પ્રમાણે હોવી જોઈશે અને તેમાં નીચેની વિગતો હોવી જોઈશે :-

(ક) સૂચિત ફરજિયાત શિક્ષણ વિસ્તાર;

(ખ) જે ઉંમરના બાળકોને યોજના લાગુ પડશે તે બાળકોની ઉંમર તથા તેઓ બોલતાં હોય તે ભાષા અનુસાર વર્ગીકૃત કરેલી તેમની વસતી ગણતરી;

(ગ) જે ભાષામાં શિક્ષણ અપાતું હોય અથવા આપવા ધાર્યું હોય તે ભાષા પ્રમાણે વર્ગીકૃત કરેલ હેતુઓ માટે ખોલવા ધારેલી કે માન્ય કરેલી કોઈપણ વિદ્યમાન શાળાઓ અને અન્ય શાળાઓ હોય તો તેમની યાદી;

(ઘ) કારકુનો અને નિમ્નકક્ષાના સેવકો સહિત વિદ્યમાન અને સૂચિત શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની અનુસૂચિ;

(ચ) યોજનાનો આવર્તક અને અનાવર્તક ખર્ચ;

(છ) વધારાના આવર્તક અને અનાવર્તક ખર્ચનો તેનો હિસ્સો ભોગવવાને સંમતિ આપતા સત્તાધિકારીના ઠરાવની નકલ;

(જ) ઠરાવવામાં આવે તેવી અન્ય વિગતો;

(૪) પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, રાજ્ય સરકાર સાદર કરેલી કોઈ યોજના, ફેરફાર સાથે કે તે વિના મંજૂર કરી શકશે.

## ૪. યોજનાથી આવરી લીધેલાં વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવા બાબત

(૧) કલમ-૨ની પેટા-કલમ(૪) હેઠળ મંજૂરી મળે, સ્થાનિક સત્તાધિકારીએ મંજૂર કરાયેલી યોજના અનુસાર જાહેરાત કરવી જોઈએ કે રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તે તારીખે અને તે તારીખથી સાધારણતઃ તે વિસ્તારમાં રહેતા બાળકો માટે અને તે જાહેરાતમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી ઉંમર સુધીનાં બાળકો માટે અને તેટલા ધોરણ સુધીનું, તે જાહેરાતમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત ગણાશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળની દરેક જાહેરાત રાજપત્રમાં અને સ્થાનિક સત્તાધિકારી નક્કી કરે તેવી અન્ય રીતે પ્રસિદ્ધ કરવી જોઈશે.

(૩) રાજ્ય સરકારે પેટા-કલમ(૧) હેઠળ નિર્દિષ્ટ કરવાની તેવી તારીખ, જાહેરાતની પ્રસિદ્ધિની તારીખ પછી સાઠ દિવસ કરતાં વહેલી ન હોવી જોઈએ.

## ૫. સહાયક અનુદાનો

કલમ ૩ની પેટા-કલમ(૪) હેઠળ મંજૂરી થયેલી અથવા કલમ ૧૬ની પેટા-કલમ(૧) હેઠળ તૈયાર થયેલી દરેક યોજનાના સંબંધમાં, રાજ્ય સરકાર, પોતે વખતોવખત નક્કી કરે તે પ્રમાણે આવર્તક અને અનાવર્તક ખર્ચનો હિસો ભોગવશે.

## ૬. સ્થાનિક સત્તામંડળે બાળકોની યાદી તૈયાર કરવા બાબત

કલમ ૪ હેઠળ જાહેરાત પ્રસિદ્ધ થયા પછી જેમ બને તેમ જલદી નિયામક નક્કી કરે તેવી રીતે ફરજિયાત શિક્ષણ વિસ્તારના બાળકોની યાદી તૈયાર કરાવવાની સ્થાનિક સત્તામંડળની ફરજ રહેશે અને ઠરાવવામાં આવે તેવા ગાળાએ સ્થાનિક સત્તામંડળે તે યાદી સુધરાવશે.

## ૭. હાજરી સત્તાધિકારીઓ

(૧) સ્થાનિક સત્તામંડળ આ અધિનિયમના હેતુઓ માટે પોતાને યોગ્ય લાગે તેટલી વ્યક્તિઓને હાજરી સત્તાધિકારીઓ તરીકે નીમી શકશે અને હાજરી સત્તાધિકારીઓને તેમની ફરજો અદા કરવામાં મદદ કરવા માટે પોતાને જરૂરી લાગે તેટલી વ્યક્તિઓને પણ નીમી શકશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ નીમેલી કોઈપણ વ્યક્તિ આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને સોંપેલી કોઈપણ સત્તા વાપરતી વેળા કોઈપણ માતા-પિતાને તેના બાળક વિષે પોતાને જરૂરી લાગે તેવા પ્રશ્નો પૂછી શકશે, અને તેના બાળક વિષે પોતાને જરૂરી લાગે તેવી માહિતી પૂરી પાડવાનું ફરમાવી શકશે અને દરેક માતા-પિતા આવા પ્રશ્નોના જવાબ આપવાને અને પોતાની ઉત્તમ જાણ અથવા માન્યતા પ્રમાણે આવી માહિતી પૂરી પાડવાને બંધાયેલા રહેશે.

## ૮. હાજરી સત્તાધિકારીએ માતા-પિતાને જાણ કરવા બાબત

જેને કલમ ૪ અથવા ૧૬ હેઠળની જાહેરાત લાગુ પડતી હોય તેવા દરેક બાળકના માતા-પિતાને નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે અને તે તારીખથી સ્વીકૃત શાળામાં આવા બાળકને મોકલવાની જવાબદારી છે એવી જાણ કરવાની ફરજ હાજરી સત્તાધિકારીની રહેશે.

## ૯. બાળકને શાળામાં મોકલવાની માતા-પિતાની જવાબદારી

દરેક ફરજિયાત શિક્ષણ વિસ્તારમાં કલમ ૧૨માં ઠરાવ્યું હોય તે સિવાય જે કોઈ બાળકને યોજના લાગુ પડતી હોય તે બાળકના માતા-પિતાએ જો આવા માતા-પિતા અને બાળક સામાન્યતઃ આવા વિસ્તારમાં રહેતા હોય તો કલમ ૧૦ના અર્થ પ્રમાણે તેની ગેરહાજરી માટે વાજબી કારણ હોય તે સિવાય તે બાળકને સ્વીકૃત શાળામાં મોકલાવવું જોઈશે.

## ૧૦. ગેરહાજરી માટે વાજબી કારણ

આ અધિનિયમના હેતુઓ માટે નીચેના કોઈપણ સંજોગોમાં સ્વીકૃત શાળામાં બાળકની ગેરહાજરી માટે વાજબી કારણ છે એમ ગણાશે, -

(ક) બાળક બોલતું હોય તે ભાષામાં શિક્ષણ આપવામાં આવતું હોય તેવી કોઈપણ સ્વીકૃત શાળા તેના નિવાસસ્થાનથી નિયત કરેલા અંતરની અંદર જ આવેલી ન હોય;

(ખ) રાજ્ય સરકારે અથવા સ્થાનિક સત્તાધિકારીએ સંતોષકારક હોવાનું જાહેર કરી હોય તેવી કોઈ બીજી રીતે બાળક શિક્ષણ લે છે અથવા તેને લાગુ પાડવાની યોજનામાં સમાવિષ્ટ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ પૂરું થયાનું હાજરી સત્તાધિકારી પાસેથી પ્રમાણપત્ર મેળવ્યું હોય;

(ગ) બાળક એવી શારીરિક અથવા માનસિક માંદગી અથવા ખોડથી પીડાતું હોય કે તે હાજર થઈ શકે નહિ;

(ઘ) યોગ્ય રીતે અરજી કર્યા પછી, સ્વીકૃત શાળામાં બાળકને દાખલ કરવાની ના પાડવામાં આવી હોય તે પ્રસંગે, બાળકને દાખલ કરી શકાશે એવી જાણ હાજરી સત્તાધિકારી માતા-પિતાને કરે તેટલા સમય સુધી અને તેને દાખલ કરી શકાય તેવી કોઈપણ અન્ય સ્વીકૃત શાળા, નિયત કરેલા અંતરની અંદર આવેલી ન હોય;

(ચ) જે ધાર્મિક શિક્ષણ આપવામાં માતા-પિતાને વાંધા હોય તે ધાર્મિક શિક્ષણ બાળકે મેળવ્યા સિવાય, માતા-પિતા બાળકને મોકલી શકે તેવી કોઈપણ સ્વીકૃત શાળા તે લત્તામાં આવેલી ન હોય;

(છ) બાળક શાળામાં રહી શકે નહિ તેવા બીજા કોઈપણ અનિવાર્ય સંજોગો ઊભા થયા હોય પરંતુ હાજરી સત્તાધિકારીએ તેવા સંજોગો છે એ માટે પ્રમાણિત કરવું જોઈએ;

(જ) ઠરાવવામાં આવે તેવા અન્ય સંજોગો.

## ૧૧. શારીરિક અથવા માનસિક ખોડવાળા બાળકો માટેની ખાસ શાળાઓ

શારીરિક અથવા માનસિક ખોડવાળું હોય તે બાળકના નિવાસસ્થાનથી ઠરાવેલા અંતરની અંદર ખાસ શાળા આવેલી હોય તો, હાજરી સત્તાધિકારી એમ ખાતરી થાય કે પોતાને સંતોષકારક જણાય તેવી કોઈ અન્ય રીતે બાળક કોઈપણ શિક્ષણ લેતું નથી, તો ખાસ શાળામાં હાજર રહેવા માટે બાળકને હુકમ દ્વારા તે ફરમાવી શકશે અને કલમ ૧૦ના ખંડ(છ)ના અર્થ મુજબ બાળકની ગેરહાજરી માટે વાજબી કારણ હોય તે સિવાય, બાળકને ખાસ શાળામાં મોકલવાની આવા બાળકના માતા-પિતાની ફરજ રહેશે.

## ૧૨. કેટલાક દાખલામાં અંશકાલિક શિક્ષણ માટે ખાસ જોગવાઈ

હાજરી સત્તાધિકારીને એમ ખાતરી થાય કે કોઈ બાળક, તેના કુટુંબના આર્થિક અથવા અન્ય સંજોગોને લીધે, આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવ્યું હોય તે રીતે કોઈ સ્વીકૃત શાળામાં જઈ શકે તેમ નથી, તો તે હુકમ દ્વારા અને તે કોઈ શરતો મૂકે, તો તેને આધીન રહીને, અંશકાલિક સંસ્થા તરીકે સ્થાપિત કોઈ સ્વીકૃત શાળામાં અથવા જે સ્વીકૃત શાળામાં અંશકાલિન ધોરણે પ્રાથમિક શિક્ષણ આપવામાં આવતું હોય તે સ્વીકૃત શાળામાં જવા માટે બાળકને પરવાનગી આપી શકશે.

## ૧૩. શાળામાં મોકલવા બાબતનો હુકમ

(૧) સ્થાનિક સત્તાધિકારીને એમ માનવાને કારણ હોય કે બાળકના માત-પિતાએ બાળકને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર શાળામાં મોકલવામાં ચૂક કરી છે અને કલમ ૧૦ના અર્થ મુજબ બાળકની ગેરહાજરી માટે કોઈપણ વાજબી કારણ નથી, ત્યારે તેણે ઠરાવેલી રીતે તપાસ કરવી જોઈશે.

(૨) તપાસને પરિણામે સ્થાનિક સત્તાધિકારીને એમ ખાતરી થાય કે બાળકને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર શાળામાં મોકલવાનો છે અને કલમ ૧૦ના અર્થ મુજબ તેની ગેરહાજરી માટે કોઈપણ વાજબી કારણ નથી, તો તેણે ઠરાવેલા નમૂનાઓમાં શાળામાં મોકલવા અંગેનો હુકમ કરીને તે હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી બાળકને તદ્નુસાર શાળામાં મોકલવા માટે માતા-પિતાને ફરમાવવું.

(૩) પેટા-કલમ(૨) હેઠળ કોઈ બાળકના સંબંધમાં માતા-પિતા સામે કરેલા શાળામાં મોકલવા અંગેનો હુકમ આ અધિનિયમ બાળકને લાગુ પડતો ચાલુ રહે ત્યાં સુધી પેટા-કલમ(૬)ની જોગવાઈને અધીન રહીને અમલમાં ચાલુ રહેશે.

(૪) જે કોઈ માતા-પિતા સામે તેના બાળકના સંબંધમાં, પેટા-કલમ(૨) હેઠળ શાળામાં મોકલવા બાબતનો હુકમ કરવામાં આવ્યો હોય તે માતા-પિતા, જે મુદત દરમિયાન શાળામાં મોકલવા બાબતનો હુકમ અમલમાં હોય તે મુદતમાં બાળકને અન્ય કોઈ વ્યક્તિની અભિરક્ષામાં રાખે તો આવા માતા-પિતા સ્થાનિક સત્તામંડળને તરત જ તેની લેખિત જાણ કરવા બંધાયેલા રહેશે.

(૫) આ કલમ હેઠળ કોઈ બાળકના સંબંધમાં માતા-પિતા સામે કરેલો (બાળકને) શાળામાં મોકલવા અંગેનો હુકમ જે મુદત દરમિયાન હુકમ અમલમાં હોય તે મુદતમાં બાળકની અભિરક્ષા જેને સોંપવામાં આવે તેવી દરેક વ્યક્તિના સંબંધમાં જાણે તે માતા-પિતા હોય તેમ અમલમાં આવશે અને પેટા-કલમ(૪)ની જોગવાઈઓ તદ્નુસાર એ વ્યક્તિને લાગુ પડશે.

(૬) કોઈપણ માતા-પિતા શાળામાં મોકલવા અંગેનો હુકમ કરનાર સત્તાધિકારીને, શાળામાં મોકલવા અંગેનો હુકમ રદ કરવા માટે કોઈપણ સમયે નીચેના કારણે અરજી કરી શકે છે :

(ક) તે બાળકના સંબંધમાં માતા-પિતા નથી ; અથવા

(ખ) હુકમ અનુસાર બાળકની ગેરહાજરી માટે વાજબી કારણ લેખી શકાય એવા સંજોગો ઉપસ્થિત થયા છે.

અને તેમ થયે શાળામાં મોકલવા બાબતનો હુકમ કરનાર સત્તાધિકારી ઠરાવેલી રીતે તપાસ કર્યા પછી, શાળામાં મોકલવા અંગેનો હુકમ રદ કરી શકે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

(૭) પેટા-કલમ(૨) અથવા પેટા-કલમ(૬) હેઠળ કરેલા હુકમથી નારાજ થયેલ કોઈપણ માતા-પિતા હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર નિયત સત્તાધિકારીને અપીલ કરી શકશે અને તે સત્તાધિકારી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે હુકમને બહાલી આપી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે.

## ૧૪. જેને યોજના લાગુ પડતી હોય તે બાળકને કામે રાખવા બદલ શિક્ષા

જે કોઈ વ્યક્તિ પોતાના વતી અથવા કોઈપણ વ્યક્તિ વતી જે બાળકના સંબંધમાં કલમ-૯ની જોગવાઈઓ લાગુ પડતી હોય તેવા બાળકને તેના શિક્ષણ અથવા પ્રશિક્ષણમાં દખલગીરી થાય તે રીતે જાણીબુઝીને પોતાના કામમાં રાખે તેને, કલમ-૨૦ની જોગવાઈઓને અધીન રહીને, દોષિત ઠર્યેથી, પચીસ રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની શિક્ષા થશે અને ઉલ્લંઘન ચાલુ રહે તે દાખલામાં આવા પ્રથમ ઉલ્લંઘન બદલ, દોષિત ઠર્યા પછી જે દિવસ દરમિયાન આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે એક રૂપિયાથી વધુ ન હોય તેવા વધારાના દંડની શિક્ષા થશે.

## ૧૫. પ્રાથમિક શિક્ષણ મફત હોવા બાબત

(૧) ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટેની યોજના મંજૂર કરવામાં આવી હોય, ત્યારે ફરજિયાત, શિક્ષણ ક્ષેત્રે યોજનામાં સમાવિષ્ટ કરેલા ધોરણોમાં ભણવા માટે કોઈપણ બાળકના સંબંધમાં, યથાપ્રસંગ રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ નિભાવતી હોય તેવી કોઈ શાળામાં કશી ફી લેવી નહિ.

(૨) કોઈપણ બાળકના સંબંધમાં શાળામાં મોકલવા અંગેનો હુકમ કલમ ૧૩ હેઠળ કરવામાં આવ્યો હોય અને જે શાળામાં તે હાજરી આપી શકે તે શાળા એક જ હોય અને કલમ-૨ના ખંડ(ખ)ના પેટા-ખંડ(૨) હેઠળ આવતી ખાનગી સંચાલન હેઠળની સ્વીકૃત શાળા હોય ત્યારે સ્થાનિક સત્તામંડળે બાળકને જે પ્રાથમિક શિક્ષણ મળવાનું હોય તે મફત મળશે એ સુનિશ્ચિત કરવાના હેતુ માટે પોતાને યોગ્ય લાગે તેવાં પગલાં લેવાનાં રહેશે.

## ૧૬. યોજના તૈયાર કરવામાં અથવા તેનો અમલ કરવામાં સ્થાનિક સત્તામંડળની ચૂક

(૧) કોઈપણ સ્થાનિક સત્તામંડળને કલમ-૩ની પેટા-કલમ(૨) હેઠળ યોજના સાદર કરવાનું કહેવામાં આવે ત્યારે તે એમ કરવામાં ચૂક કરે અથવા કલમ-૩ની પેટા-કલમ(૪) હેઠળ યોજના મંજૂર કરવામાં આવે તે પછી, એવી રીતે મંજૂર કરેલી યોજનાનો પૂર્ણતઃ અથવા અંશતઃ અમલ કરવામાં ચૂક કરે તો રાજ્ય સરકાર પોતાને જરૂર લાગે તેવી તપાસ કર્યા પછી અને સ્થાનિક સત્તાધિકારીને તે બાબતમાં સુનાવણીની તક આપ્યા પછી યથાપ્રસંગ, યોજના, તૈયાર કરવા અથવા તેનો અમલ કરવા માટે કોઈપણ વ્યક્તિને નીમી શકશે અને એવો આદેશ આપી શકશે કે રાજ્ય સરકાર નક્કી કરે તેવો ખર્ચનો ભાગ સ્થાનિક સત્તામંડળની માલિકીના

ફંડમાંથી ચૂકવવો. એ રીતે નિમાયેલી વ્યક્તિએ, યોજનાના સંબંધમાં આ અધિનિયમ હેઠળ સ્થાનિક સત્તામંડળના તમામ કાર્યો બજાવવાનાં રહેશે.

(૨) પેટા-કલમ(૧)માં ઉલ્લેખેલો કોઈ આદેશ કાઢવામાં આવે ત્યારે, તે સમયે બેન્કર તરીકે અથવા અન્ય કોઈપણ હેસિયતથી જેની અભિરક્ષામાં સ્થાનિક સત્તામંડળ વતી, કોઈપણ નાણા હોય તે વ્યક્તિ તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આવા આદેશનું પાલન કરવાને બંધાયેલી રહેશે. આવા આદેશ અનુસાર કરેલી દરેક ચૂકવણી, તેણે એ રીતે ધરાવેલા સ્થાનિક સત્તામંડળના નાણામાંથી તેણે તેવી રીતે ચૂકવેલી કોઈ રકમના સંબંધમાં, સ્થાનિક સત્તામંડળ પ્રત્યેની તમામ જવાબદારીમાંથી મુક્ત રાખવા માટે પૂરતી ગણાશે.

## ૧૭. કલમ ૧૩નું ઉલ્લંઘન કરવા બદલ શિક્ષા

(૧) જો કોઈપણ માતા-પિતા, શાળામાં મોકલવા અંગેનો હુકમ કલમ ૧૩ની પેટાકલમ(૭) હેઠળ કરેલી અપીલમાં રદ કરવામાં આવ્યો હોય તે સિવાય, કલમ ૧૩ હેઠળ કરેલા શાળામાં મોકલવા અંગેના હુકમનું પાલન કરવાનું ચૂકે તો તેને, દોષિત ઠર્યેથી, બે રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની શિક્ષા થશે અને ઉલ્લંઘન ચાલુ રહે તે દાખલામાં આવા પ્રથમ ઉવલ્લંઘન બદલ દોષિત ઠર્યેથી, જે દિવસ દરમિયાન આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે પચાસ નયા પૈસાથી વધુ ન હોય તેટલા વધારાના દંડની શિક્ષા થશે.

પરંતુ કોઈપણ શૈક્ષણિક વર્ષમાં કોઈપણ બાળકના સંબંધમાં કોઈપણ એક વ્યક્તિએ આપવાપાત્ર દંડની રકમ ૫૦ રૂપિયાથી વધવી જોઈએ નહિ.

(૨) કોઈપણ વ્યક્તિ કલમ-૧૩ની પેટા-કલમ(૪) થી ઠરાવ્યા પ્રમાણેની કોઈ માહિતી પૂરી પાડવાનું ચૂકે તો તેને દોષિત ઠર્યેથી પચ્ચીસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

## ૧૮. ફરજિયાત શિક્ષણની યોજના પાછી ખેંચી લેવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તે મોકૂફ રાખવાની સત્તા

મંજૂર કરેલી યોજના સ્થાનિક સત્તાધિકારી, રાજ્ય સરકારની મંજૂરીથી પાછી ખેંચી લઈ શકશે અથવા તેમાં વખતોવખત ફેરફાર કરી શકશે અથવા હંગામી રીતે તેને મોકૂફ રાખી શકશે અથવા રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને અને તેમ કરવાના કારણો આપીને રાજ્ય સરકાર તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે અથવા તેને હંગામી રીતે મોકૂફ રાખી શકશે.

## ૧૯. કોર્ટને કલમો ૧૪ અને ૧૭ હેઠળના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા રહેશે –

(૧) કલમ ૧૪ અથવા કલમ ૧૭ હેઠળનો ગુનો સાંભળવાના હેતુ માટે -

(ક) જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પોતાની કોર્ટ જ્યાં ભરતા હોય તે નગર અથવા, ગામમાં આરોપી રહેલો હોય તો, આવા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ;

(ખ) મુંબઈ ગ્રામ પંચાયત અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૯નો મુંબઈનો ૩જો)ની કલમ-૬૪ની પેટા-કલમ(૩) અને (૫) સાથે વાંચવામાં આવતી કાર્યવાહી કરવાની જેને સત્તા આપવામાં આવી હોય તે ન્યાય પંચાયતની;

(ગ) આરોપી બીજે સ્થળે રેહેતો હોય તો, કલમ ૨૪ હેઠળ રચેલી જે પ્રાથમિક શાળા પંચાયતની હકૂમતની હદમાં આરોપી રહેતો હોય તે પ્રાથમિક શાળા પંચાયત, આવો ગુનો સાંભળવા માટે સત્તા ધરાવતી કોર્ટ ગણાશે.

(૨) પેટા-કલમ(૧)ના ખંડ(ક) હેઠળ કોઈપણ ગુનો સાંભળતા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ (સન ૧૮૯૮નો ૫મો) (અત્યારે જુઓ ૧૯૭૩નો અધિનિયમ)ની કલમ ૨૬૩માં ઠરાવેલી રીતે કેસનો સંક્ષિપ્ત રીતે ઈન્સાફ કરશે.

## ૨૦. ગુનાઓ સાંભળવા બાબત

હાજરી સત્તાધિકારીએ અથવા સ્થાનિક સત્તામંડળે સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા આ અર્થે અધિકૃત કરેલ કોઈપણ અન્ય વ્યક્તિએ જાતે અથવા રજિસ્ટર ટપાલથી મોકલેલી ફરિયાદ ઉપરથી હોય તે સિવાય, કોઈ કોર્ટે આ અધિનિયમ હેઠળ કોઈ ગુનો સાંભળવો નહિ. આ અધિનિયમની કલમ ૧૪ હેઠળ કોઈ વ્યક્તિ સામે કોઈ ફરિયાદ કરતાં પહેલા હાજરી સત્તાધિકારીએ અથવા ફરિયાદ કરવા માટે સ્થાનિક સત્તામંડળે અધિકૃત કરેલ વ્યક્તિએ આવી વ્યક્તિને તે કલમ હેઠળ અગાઉ દોષિત ઠરાવવામાં આવી હોય તે સિવાય, આવી વ્યક્તિને ચેતવણી અપાવવી.

## ૨૧. કેટલીક વ્યક્તિઓ રાજ્ય સેવકો ગણાશે

કલમ ૭ની પેટા-કલમ(૧) હેઠળ નીમેલી દરેક વ્યક્તિ અને કલમ ૨૦ હેઠળ ફરિયાદ કરવા માટે અધિકૃત કરેલી દરેક વ્યક્તિ, ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦નો ૪૫મો)ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.

## ૨૨. શુધ્ધબુધ્ધિથી લીધેલાં પગલાંના રક્ષણ બાબત

આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરવામાં આવેલા અથવા કરવા ધારેલ કોઈપણ કાર્યના સંબંધમાં રાજ્ય સરકાર અથવા કોઈ સત્તાધિકારી અથવા વ્યક્તિ સામે કોઈ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

## ૨૩. સત્તા સોંપવાની બાબત

(૧) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, તથા તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો હોય તો તેને અધીન રહીને, આ અધિનિયમથી અથવા તે હેઠળ રાજ્ય સરકારને આપેલી તમામ અથવા તે પૈકી કોઈપણ સત્તા વાપરવા માટે પોતાના તાબાના કોઈ અધિકારીને અથવા સત્તાધિકારીને અધિકૃત કરી શકશે.

(૨) કોઈ સ્થાનિક સત્તામંડળ સામાન્ય અથવા ખાસ હુકમથી આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને આપેલી તમામ અથવા તે પૈકી કોઈ સત્તા વાપરવા માટે તેના સભ્યો પૈકી કોઈ સભ્યને અથવા પોતાના તાબાના કોઈ અધિકારીને અથવા સત્તાધિકારીને અધિકૃત કરી શકશે.

(૩) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમષ ૧૯૪૭ (સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો)ની કલમ ૨ના ખંડ(૬)માં વ્યાખ્યા કર્યા પ્રમાણે અધિકૃત નગરપાલિકા હોય તેવા સ્થાનિક સત્તામંડળ અથવા મ્યુનિસિપલ કોર્પોરેશન, આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને આપેલી તમામ સત્તા, પેટા-કલમ(૨) હેઠળ તેના સ્કૂલ બોર્ડને સોંપી શકશે અને આવું સ્કૂલ બોર્ડ તે પ્રમાણે તેના વહીવટી અધિકારીને અથવા તેના અન્ય કોઈ અધિકારીઓને અથવા તેના સભ્યો પૈકી કોઈ સભ્યને તેવી તમામ અથવા તે પૈકી કોઈપણ સત્તા સોંપી શકશે.

## ૨૪. પ્રાથમિક શાળા પંચાયતની રચના, તેની સત્તા અને કાર્યરીતિ

(૧) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, કલમ ૧૯ની પેટા-કલમ(૧) ખંડ(ગ)માં ઉલ્લેખેલા વિસ્તારમાં આ અધિનિયમ હેઠળ શિક્ષા થઈ શકશે તેવા ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પ્રાથમિક શાળા પંચાયત રચી શકશે.

(૨) પેટા-કલમ(૧) હેઠળ રચાયેલી પ્રાથમિક શાળા પંચાયત રાજ્ય સરકારે નીમેલા ત્રણ સભ્યોની બનશે, જેમાંનો એક અધ્યક્ષ થશે. આ સભ્યોની લાયકાતો ઠરાવવામાં આવે તેવી રહેશે. એવી રીતે નીમેલા સભ્યો રાજ્ય સરકારની મરજી હોય ત્યાં સુધી હોદ્દા ધરાવશે.

(૩) પ્રાથમિક શાળા પંચાયતના કામકાજના નિકાલ માટે બે સભ્યોની ગણપૂર્તિ બનશે.

(૪) પ્રાથમિક શાળા પંચાયતના સભ્યની ખાલી પડતી કોઈ જગા, જેમ બને તેમ જલ્દી ભરવી જોઈશે :

પરંતુ આવી કોઈ જગા ખાલી હોય તે દરમિયાન બાકીના સભ્યો જાણે આવી જગા ખાલી પડી ન હોય તેમ કાર્ય કરી શકશે.

(૫) આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, પ્રાથમિક શાળા પંચાયતને કલમ ૧૪ અને કલમ ૧૭ હેઠળ શિક્ષા થઈ શકશે તેવા ગુનાને લગતા કેસના સંબંધમાં મુંબઈ ગ્રામ પંચાયત અધિનિયમ ૧૯૫૮ (અત્યારે જુઓ ૧૯૯૪ના ગ્રામ પંચાયત અધિનિયમ) (સને ૧૯૫૯નો મુંબઈનો ૩જો)ના પ્રકરણો ૬, ૭ અને ૮ હેઠળના એવા ગુનાના સંબંધમાં ન્યાય પંચાયતને જે સત્તા છે તે જ સત્તા રહેશે અને ન્યાય પંચાયત જે કાર્યરીતિ અનુસરે છે તે જ કાર્યરીતિ તેણે અનુસરવાની રહેશે અને આવા કેસોના સંબંધમાં સદરહુ પ્રકરણોની જોગવાઈઓ જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

(૬) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૬ - ખની પેટા-કલમ(૧) હેઠળ રચાયેલી અને આ અધિનિયમના આરંભની તરત જ પહેલાં કાર્ય કરતી હોય તેવી પ્રાથમિક શાળા પંચાયત, આ અધિનિયમ હેઠળ રચાયેલી છે એમ ગણાશે.

(૭) આ અધિનિયમ હેઠળ પ્રાથમિક શાળા પંચાયત પોતાનાં કાર્યો બજાવી શકે તે માટે દરેક સ્થાનિક સત્તા મંડળે રાજ્ય સરકારની મંજૂરીથી પૂરતો સ્ટાફ રાખવો જોઈએ.

## ૨૫. મુખ્ય શિક્ષકનું પ્રમાણપત્ર કલમ ૧૭નું પાલન કરવામાં માતા-પિતાએ ચૂક કરી છે તે બાબતનો નિર્ણાયક પુરાવો ગણાશે

યથાપ્રસંગ, કલમ-૧૩ની પેટા-કલમ(૨) હેઠળ કરેલો હુકમ અથવા કલમ-૧૩ની પેટા-કલમ(૬) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેનો હુકમ, તે કલમની પેટા-કલમ(૭) હેઠળ યોગ્ય સત્તાધિકારી દ્વારા રદ કરવામાં આવ્યો હોય તે સિવાય, બાળકના માતા-પિતાએ આવા હુકમનું પાલન કરવામાં ચૂક કરી હોય તો તે પ્રસંગે તેવી શાળાના મુખ્ય શિક્ષકે એવી મતલબનું પ્રમાણપત્ર કાઢી આપવું કે આવા માતા-પિતા આવા આદેશ અનુસાર બાળકને શાળામાં મોકલવામાં ચૂક્યા છે અને આવું પ્રમાણપત્ર વિરૂદ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી કલમ ૧૭ હેઠળની માતા-પિતા સામેની ફરિયાદ તેવી ચૂક બાબતનો નિર્ણાયક પુરાવો છે એમ માની લેવામાં આવશે.

## ૨૬. અનિર્ણિત કાર્યવાહી બાબત અપવાદ

જે તારીખે કલમ ૨૪ હેઠળ કોઈ વિસ્તાર માટે પ્રાથમિક શાળા પંચાયત રચવામાં આવી હોય તે તારીખે તેવા વિસ્તારમાં કોઈ કોર્ટ સમક્ષ અનિર્ણિત હોય તેવી કલમ ૧૪ અથવા ૧૭ હેઠળની દરેક ફરિયાદો અને આવી કોઈપણ ફરિયાદમાંથી ઉપસ્થિત થતી અને આવી કોઈપણ ફરિયાદને આનુષંગિક હોય તેવી તમામ કાર્યવાહીને જાણે તે વિસ્તાર માટે તેવી કોઈ પ્રાથમિક શાળા કે પંચાયત રચવામાં આવી ન હોય તેમ, તેવી કોર્ટ અથવા જે કોર્ટને તેવી ફરિયાદની ઈન્સાફી કાર્યવાહી કરવાનો, તે સાંભળવાનો અને તેનો નિર્ણય કરવાની હકૂમત હોય તે કોર્ટ ઈન્સાફી કાર્યવાહી કરવી જોઈએ, તે સાંભળવી જોઈશે અને તેનો નિર્ણય કરવો જોઈશે.

## ૨૭. નિયમો કરવાની સત્તા

(૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને પૂર્વ પ્રસિદ્ધિની શરતને અધીન રહીને આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય આવા નિયમોમાં આ અધિનિયમથી નિયમો દ્વારા ઠરાવવાનું સ્પષ્ટપણે ફરમાવેલું હોય અથવા છૂટ આપેલી હોય તેવી તમામ બાબતો માટે જોગવાઈ કરી શકાશે.

[૧](૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર દરમિયાન અથવા ત્યાર પછીના તરતના સત્ર દરમિયાન રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે કઈ ફેરફાર કરે તેને તે આધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ તેવી રીતે જે કંઈ રદ કરે અથવા ફેરફાર કરે, તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

## ૨૮. રદ કરવા બાબત અને અપવાદ

(૧) આ અધિનિયમનો આરંભ થયે, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો)ની અને સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો)ની જે જોગવાઈઓ ફરજિયાત પ્રાથમિક શિક્ષણને જ લગતી હોય તે જોગવાઈઓ, પેટા-કલમો(૨), (૩) અને (૪)ની જોગવાઈઓને અધીન રહીને રદ થયેલી ગણાશે.

(૨) એવી રીતે રદ કરેલા અને આ અધિનિયમના આરંભની તરત જ પહેલાં અમલમાં હોય તેવી જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈ હેઠળ મંજૂર કરેલી ફરજિયાત શિક્ષણની દરેક યોજના, આ અધિનિયમ હેઠળ મંજૂર કરેલી યોજના છે એમ ગણાશે અને તેનો આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર અમલ કરવાનો રહેશે.

(૩) આવી કોઈ યોજના હેઠળ અથવા એવી રીતે રદ કરેલી અન્ય કોઈ જોગવાઈ હેઠળ સંપાદન કરેલ, પ્રાપ્ત કરેલ અથવા ઉદ્‌ભવેલ કોઈ હક, વિશેષાધિકાર, દાયિત્વ અથવા જવાબદારી, જાણે આ અધિનિયમ હેઠળ સંપાદન કરેલ, પ્રાપ્ત કરેલ અથવા ઉદ્‌ભવેલ હોય તેમ ચાલુ રહેશે અને તેનો આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર અમલ કરી શકાશે :

પરંતુ આ અધિનિયમની શરૂઆતની અગાઉ કરેલું કોઈપણ કાર્ય, યથા પ્રસંગ, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો)ની કલમ ૨૬ની પેટા-કલમ(૧) અથવા સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો)ની કલમ ૨૦ની પેટા-કલમ(૧) હેઠળ શિક્ષા કરવાપાત્ર ગુનો હોય, ત્યારે તે અંગેની કોઈ કાર્યવાહી જાણે, આ અધિનિયમ પસાર કરવામાં આવ્યો ન હતો તેમ માંડી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા તેનો નિકાલ કરી શકાશે.

(૪) એવી રીતે રદ કરેલી જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ હેઠળ કરેલ અથવા કાઢેલ કોઈ દરખાસ્ત, નિયુક્તિ, જાહેરનામું, હુકમ, નિયમ, નોટિસ, રિપોર્ટ અથવા સોંપણી જેટલે સુધી તે અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી આ અધિનિયમ હેઠલ કરેલ અથવા કાઢેલ દરખાસ્ત, નિયુક્તિ, જાહેરનામું, હુકમ, નિયમ, નોટિસ, રિપોર્ટ અથવા સોંપણીથી તેમાં ફેરફાર કરવામાં ન આવે અથવા રદ કરવામાં ન આવે ત્યાં સુધી કાયદેસર રીતે ચાલુ રહેશે.

## ૨૯. અન્ય કેટલાક અધિનિયમો ઉપર આ અધિનિયમનો ઉપરવટ અમલ થવા બાબત

યથાપ્રસંગ, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો) અથવા સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો)માં પ્રાથમિક શિક્ષણને લગતી જોગવાઈઓમાં વિરૂદ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયની જોગવાઈઓ અમલમાં આવશે.

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯
અને
ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧

બાળમજૂરીને તિરસ્કારો - શિક્ષણને આવકારો

મોટેરાં કામમાં - બાળકો શાળામાં

સહયોગ :
unicef